ISSN 0976-9809 V-Vidyanagar

વર્ષ:૧૬ અંક:૫ મે ૨૦૧૪ સળંગ અંક ૫૧૧

# વિ-વિદ્યાનગર



CHARUTAR VIDYA MANDAL
VALLABH VIDYANAGAR



ચારુતર વિદ્યામંડળસંચાલિત બીજેવીએમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન અને સીવીએમના માનદ મંત્રી પ્રિ.શનુભાઈ પટેલનું અમૃતપર્વ સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલના અધ્યક્ષસ્થાને યોજાયું હતું. આ પ્રસંગે ૭૫ વર્ષ પૂરાં કરનાર પ્રિ.શનુભાઈ પટેલને અમૃતકુંભ અને સન્માનપત્ર અર્પણ કરાયું હતું. પ્રિ.શનુભાઈના અમૃતપર્વ નિમિત્તે તેમનાં સંસ્મરણોની પુસ્તિકા 'જીવન-સાર્થક્ય'નું લોકાર્પણ થયું હતું.




ચારુતર વિદ્યામંડળના નેજા હેઠળ યુપીએસસીની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અભિમુખતાના નવતર ઉપક્રમ 'નવોન્મેષ'ના શુભારંભ પ્રસંગે અધ્યક્ષસ્થાને સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ અને મુખ્ય અતિથિ તરીકે ગુજરાત સરકારના નિવૃત્ત આઈએએસ અધિકારી શ્રી પ્રવીણ ક.લહેરી અને વિશેષ અતિથિ તરીકે લંડનનિવાસી શ્રી સી.બી.પટેલ ઉપસ્થિત હતા. આ પ્રસંગે પત્રકાર શ્રી હેમેન ભટ્ટલિખિત પુસ્તક 'લક્ષ્યવેધ'ના લોકાર્પણ વખતે મહાનુભાવો ઉપરાંત સીવીએમના માનદ સહમંત્રી પ્રિ.આર.સી.દેસાઈ, સંસ્થાના નિયામક ડૉ.હરિ દેસાઈ તેમ જ લેખક શ્રી હેમેન ભટ્ટ, ગુજરાતના બેસ્ટ ટ્રેઈનર ગણાતા શ્રી જે.એમ.આચાર્ય અને આઈએએસ અધિકારી શ્રી ગૌરાંગ મકવાણા દશ્યમાન છે.



**તંત્રી**

રાજેન્દ્રસિંહ જાડેજા • હરિ દેસાઈ

**પરામર્શન**

રમેશ એમ.ત્રિવેદી • જયન્ત ઓઝા

ભગીરથ બ્રહ્મભટ્ટ

**સંપાદન-સહાય**

ગિરીશ ચૌધરી • ઉર્વીશ છાયા

**પ્રકાશક**

પ્રિ. એસ.એમ. પટેલ

માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦

•

**મુદ્રક**

આણંદ પ્રેસ, ગામડી

# વિ-વિદ્યાનગર

**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**
મે ૨૦૧૪
વર્ષ : ૧૬ અંક : ૫
(સળંગ અંક ૫૧૧)
**ISSN 0976 - 9809 V-Vidyanagar**

**ચારુતર વિદ્યામંડળ**

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

**સ્થાપના વર્ષ**

૧૯૪૫

*कर्मण्येवाऽधिकारस्ते*

**અધ્યક્ષ**

ડૉ. સી.એલ. પટેલ

**માનદ મંત્રી**

પ્રિ. એસ.એમ. પટેલ

**માનદ કાર્યકારી મંત્રી**

ડૉ. જે.ડી. પટેલ

**માનદ સહમંત્રીઓ**

શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ

ડૉ. એસ.જી. પટેલ • શ્રી એમ.જે. પટેલ

પ્રિ. આર.સી. દેસાઈ

## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ – ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેક્નોલૉજી, હૉટેલ મેનેજમેન્ટ ટુરીઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા • રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતકકક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ અપાવવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી. • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.

**• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચઃ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-**
**• વિદ્યાર્થી લવાજમઃ ₹ ૧૦૦/- • આજીવન લવાજમઃ ₹ ૧૫૦૦/-**

# વિ-વિદ્યાનગર

**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**

મે ૨૦૧૪

વર્ષ : ૧૬ અંક : ૫

(સળંગ અંક ૫૧૧)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**


अधर्मेणैधते तावत् ततो भद्राणि पश्यति ।
ततः सपत्नान् जयति समूलस्तु विनश्यति ॥

અધર્મથી માણસ અમુક વખત પૂરતો સંપત્તિવાન થાય છે, સુખો પામે છે, હરીફો ઉપર વિજય મેળવે છે, પણ અંતે સમૂળગો નાશ પામે છે.


॥ અધ્યક્ષસ્થાનેથી ॥ ગુલામીમાંથી મુક્તિ અને શિક્ષણ• ડૉ. સી.એલ. પટેલ

॥ પ્રાથમ્ય ॥ ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુર • હરિ દેસાઇ/ 1

॥ આપણો વારસો અને વૈભવ ॥ (પદ્ય વિભાગ) સુંદરમ્, ચન્દ્રવદન મહેતા, ઉમાશંકર જોશી / 2

॥ આપણો વારસો અને વૈભવ ॥ (ગદ્ય વિભાગ) આધ્યાત્મિક સામ્રાજ્યના સર્જક • નાની પાલખીવાલા / 3

॥ નવાં કાવ્યો ॥ પ્રીતમ લખલાણી, સુધીર પટેલ, કિરીટ ગોસ્વામી, ચંદ્રકાન્ત પટેલ / 6

॥ સુવાચક ॥ અંગ્રેજી કાવ્યનો ગુજરાતી અવતાર • જ્યોતીન્ પટેલ / 7

॥ વ્યાખ્યાન ॥ વિદ્યાનિષ્ઠ, ચારિત્ર્યનિષ્ઠ અને વિદ્યાર્થીનિષ્ઠ શિક્ષક • શનુભાઇ પટેલ / 8

॥ શબ્દાંજલિ ॥ ખુશવંતસિંહની ચિરવિદાય • ડંકેશ ઓઝા / 10

॥ પ્રતિભાવ ॥ વલભીપુરનું નામકરણ • દેવેન્દ્ર કે. ઓઝા / 12

॥ Key-Note ॥ Pyramidal Policy Perspective for India's Higher Education • D.A. Ghanchi / 13

॥ સંશોધન ॥ પાદનોંધમાં ચોકસાઇ • બી.એમ. ગાંધી / 20

॥ જ્ઞાન વિજ્ઞાન ॥ વનસ્પતિજન્ય વૃદ્ધિમાં પોટાશ • રમેશ ધીંગાણી, ભાવેશ જોષી / 23

॥ આરોગ્ય ॥ બાળકોને થતો તમકશ્વાસ • અભિષેક વાય. પાટલીયા, એ.આર. વી. મૂર્તિ / 24

॥ રમન્તે તત્ર દેવતા ॥ શૃંગારપ્રિય સૂત્રકાલીન સ્ત્રી • પારુલટીના દોશી / 28

॥ રમત-જગત ॥ ૨૦૧૪ની ઑલિમ્પિક ગેમ્સ • પી.ડી. શર્મા / 29

॥ વિદ્યાવૃત્ત ॥ / 31


વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ. સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણવિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય; વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ. સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**

'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની વેબસાઇટ

**www.ecvm.net**

પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની વિચારકણિકા**

ગમે ના શૈશવે ખેલ,
યૌવને ના પરાક્રમ,
સાધુતા નહીં વાર્ધક્યે,
વ્યર્થ તો જિંદગીક્રમ.

**- ઉશનસ્**

# ગુલામીમાંથી મુક્તિ અને શિક્ષણ

આપણે દેશ ગુલામ બન્યો. સેંકડો વર્ષ પરદેશી પ્રજાએ આપણા પર રાજ્ય કર્યું. તેઓ આપણને ગુલામ બનાવતા રહ્યા. ભારત દેશ એક વિકસિત અને સંસ્કારી દેશ તરીકે નામાંકિત હતો. કારણ કે અહીંના રાજકર્તાઓ પ્રજાનું પોતાનાં સંતાનોની પેઠે પાલનપોષણ કરતા. દરેક માણસ સ્વમાનથી જીવી શકતો. પરંતુ આ દેશને લૂંટવા આવેલા પરદેશીઓએ પોતાની ધાકથી અને કપટથી ધર્મપરિવર્તન કરાવ્યાં. સેંકડો વર્ષ મુસલમાનો અહીં આ દેશની સંપત્તિ મેળવવા જુદાં જુદાં સ્થળોથી ચડાઇ કરીને આવ્યા. છેલ્લે આ દેશમાં મુઘલો આવ્યા અને મુઘલ બાદશાહોની રીતરસમ અહીં ચડાઇ કરીને આવ્યા છતાં ભારતવર્ષને પોતાનું વતન ગણીને સ્થાયી થયા. છેલ્લે અકબર બાદશાહે તો ઇસ્લામ અને હિંદુત્વનો મેળાપ કરાવીને 'દિનેઇલાહી' ધર્મની સ્થાપના કરી. હિંદુઓ અને મુસલમાનો હળીમળીને રહેતા હતા પરંતુ ઇસ્ટ ઇન્ડિયા કંપની નામની એક અંગ્રેજ વેપારી કંપની અહીં વેપાર કરવા માટે આવી. ટૉમસ રૉએ બાદશાહ જહાંગીર પાસેથી વેપારનો પરવાનો લઇને પહેલાં સુરતમાં કોઠી સ્થાપી. પછી કલકત્તા અને બીજાં ક્ષેત્રોમાં વેપાર વિસ્તાર્યો. અંગ્રેજો અહીં તેમના વેપારધંધા સાથે રાજ કરવાની તૃષ્ણા પ્રાપ્ત કરતા ગયા અને તેથી જ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ વેપાર કરવાને બદલે રાજ્યો જીતીને સ્થિર થવા માટેનો વિચાર કર્યો. આમાં બ્રિટનની સરકાર પણ તેમને પરોક્ષ મદદ કરતી રહી. પરંતુ અંગ્રેજ ઇચ્છતા હતા તેટલી હદે તે ફાવ્યા નહીં.

છેક ૧૮૫૭માં તો અંગ્રેજ હકૂમતને ફગાવવાની ક્રાંતિમાં મુઘલ બાદશાહ બહાદુરશાહ ઝફર સમગ્ર દેશના લોકો સાથે જોડાયા. નાનાસાહેબ પેશવા અને રાણી લક્ષ્મીબાઇએ એમનું નેતૃત્વ સ્વીકાર્યું. પરંતુ આવા કામમાં એકતા અને આયોજનના અભાવે આઝાદીની પ્રથમ ક્રાંતિ નિષ્ફળ ગઇ. આ બધી બાબતોનું વિશ્લેષણ કરતાં લોર્ડ મૅકોલેએ બ્રિટનની સંસદમાં રજૂઆત કરી કે આપણે જો ભારતમાં રાજ કરવું હશે તો ત્યાંની સંસ્કૃતિ અને એકતાને જેટલી છિન્નભિન્ન કરીશું તેટલી સુગમતા આપણને પ્રાપ્ત થશે. ત્યારબાદ બ્રિટનની સરકારે ભારતમાં સંસ્કૃતિ અને એકતા તોડવા માટેના બધા જ પ્રયાસો શરૂ કર્યા. આપણે ત્યાંની શિક્ષણ પદ્ધતિ એટલી ઉચિત હતી કે આજુબાજુના કેટલાય દેશોના લોકો અહીં જુદી જુદી જાતનું શિક્ષણ પ્રાપ્ત કરવા માટે આવતા હતા. પરંતુ અંગ્રેજોએ આવા શિક્ષણની ઘોર ખોદી. આપણી શિક્ષણ પદ્ધતિ ધર્મ સાથે જ્ઞાન મેળવવાની હતી. તેને બદલે બ્રિટનની શિક્ષણ પદ્ધતિ અહીં લાદવામાં આવી. આજે પણ દેશ આઝાદ થયા પછી પણ એ જ શિક્ષણ પદ્ધતિ અમલમાં રહી છે. ધર્મના નામનું અહીં શિક્ષણમાં કોઇ સ્થાન રહ્યું નથી. વિદ્યાર્થી અહીં શિક્ષણ મેળવ્યા બાદ જ્ઞાન પ્રાપ્ત કરે છે. પરંતુ

એ જ્ઞાનનો સદુપયોગ કરવા માટે ધર્મ આધારિત જે પદ્ધતિ છે તેનું જ્ઞાન નહીં હોવાથી દેશમાં અભ્યાસ કરતા લોકો ડિગ્રી પ્રાપ્ત કરે છે પરંતુ પોતાના જ્ઞાનના વિકાસ મારફતે લોકોને ઉપયોગી થવાના સંસ્કાર મેળવી શકતા નથી.

આથી જ આ દેશ આઝાદ થયા બાદ તેની રાજ્ય સરકારો અને મધ્યસ્થ સરકારે શિક્ષણ માટેની જે જવાબદારી નિભાવવાની હોય તે નિભાવવા માટે તેનાં વાર્ષિક બજેટનાં નાણાંની લેવડદેવડના હિસાબો જોતાં માલુમ પડે છે કે શિક્ષણ અને સંશોધન માટે ઘણાં ઓછાં નાણાંની ફાળવણી કરવામાં આવે છે. એટલે જ પાયાની જરૂરિયાત સમાન શિક્ષણથી વ્યક્તિવિકાસ, સમાજવિકાસ અને દેશના વિકાસ સાધવાથી આપણી શિક્ષણ પદ્ધતિ દૂર થતી લાગે છે. આથી જ હવે સમય પાકી ગયો છે કે રાજ્યો અને દેશમાં શિક્ષણની જવાબદારી સંભાળતા પ્રધાન નીમવામાં આવે ત્યારે તેમની પાસે સંસ્કારિતા સાથેનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે તેવા અભ્યાસક્રમોનું જ્ઞાન હોવું ઘટે. આવી જોગવાઇ અહીં શરૂ થાય એ માટે જરૂરી નાણાંની સુવિધા કરવામાં આવે તે આજની માંગ છે.

(૧૮ માર્ચ ૨૦૧૪)

સી.એલ.પટેલ

## લાગ્યો કસુંબીનો રંગ

હો રાજ મને લાગ્યો કસુંબીનો રંગ.
જનનીના હૈયામાં પોઢંતા પોઢંતા પીધો કસુંબીનો રંગ;
ધોળા ધાવણ કેરી ધારાએ ધારાએ, પામ્યો કસુંબીનો રંગ;
બહેનીના કંઠમાં નીતરતાં હાલરડાંમાં ઘોળ્યો કસુંબીનો રંગ;
ભીષણ રાત્રિ કેરી સાવજની ત્રાડોએ, ચોળ્યો કસુંબીનો રંગ.
દુનિયાના વીરોનાં લીલાં બલિદાનોમાં, ભભક્યો કસુંબીનો રંગ;
સાગરને પાર સ્વાધીનતાની કબરોમાં, મહેંક્યો કસુંબીનો રંગ.
ભક્તોના તંબૂરથી ટપકેલો મસ્તીભર, ચાખ્યો કસુંબીનો રંગ;
વહાલી દિલદારાના પગની મેંદી પરથી, ચૂમ્યો કસુંબીનો રંગ.
નવલી દુનિયા કેરાં સ્વપ્નોમાં કવિઓએ ગાયો કસુંબીનો રંગ;
મુક્તિને ક્યારે નિજ રક્ત રેડણકારે, પાયો કસુંબીનો રંગ.
પીડિતોની આંસુડાંધારે હાહાકારે, રેલ્યો કસુંબીનો રંગ;
શહીદોના ધગધગતા નિશ્વાસે નિશ્વાસે સળગ્યો કસુંબીનો રંગ.
ધરતીના ભૂખ્યા કંગાલોને ગાલે, છલકાયો કસુંબીનો રંગ;
બિસ્મિલ બેટાઓની માતાને ભાલે, મલકાયો કસુંબીનો રંગ.
ઘોળી ઘોળી પ્યાલા ભરિયા, રંગીલા હો! પીજો કસુંબીનો રંગ;
દો રંગા દેખીને ડરિયા ટેકીલા હો ! લેજો કસુંબીનો રંગ.

● ઝવેરચંદ મેઘાણી

# ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુર

હરિ દેસાઈ

રવીન્દ્રનાથ ઠાકુર (૭ મે ૧૮૬૧-૭ ઑગસ્ટ ૧૯૪૧)નું નામ પડે અને મસ્તક ઊંચું રાખીને આ વિશ્વમાનવને વંદન કરવાની સહજ ઈચ્છા થઇ આવે. મૂળે બંગાળી બ્રાહ્મણ પરિવારમાં 'જન ગણ મન' અને બાંગલા દેશના રાષ્ટ્રગીત 'આમાર સોનાર બાંગલા'થી ઓળખાવાની સાથે જ છેક ૧૯૧૩માં પોતાના કાવ્યસંગ્રહ 'ગીતાંજલિ' માટે નોબેલ પારિતોષિક મેળવનાર સર્જક તરીકેય સુખ્યાત છે. સાહિત્ય અને ચિંતન સાથે જ પ્રવાસમાં ભાગ્યે જ એવું કોઇ ક્ષેત્ર હશે જે એમણે ખેડ્યું ના હોય. કવિવરના બહુમૂલા યોગદાનને આદરાંજલિ આપવાનું સહજ મન થઇ આવે છે. ગુરુદેવ સમગ્ર વિશ્વમાં સાહિત્ય અને રાજકીય ચેતના પ્રસરાવનાર મહામાનવ અને 'શાંતિનિકેતન'ના મહાયજ્ઞથી નામાંકિત હોવા છતાં ભાગ્યે જ કોઇ પ્રચલિત વિશ્વવિદ્યાલયની સ્નાતકપદવી એમણે હાંસલ કરી હતી.

ભણેલા ગણેલા અને સમૃદ્ધ પરિવારમાં જન્મેલા રવીન્દ્રનાથ પોતાના આઇસીએસ એવા ગુરુબંધુ સત્યેન્દ્રનાથ સાથે અમદાવાદ-શાહીબાગસ્થિત અત્યારના સરદાર સ્મારકના ભવનમાં રહીને સર્વપ્રથમ કાવ્યની રચના કરવા માટે જાણીતા બન્યા હતા. એમના માટે અમદાવાદનાં સંસ્મરણ મહામૂલાં હતાં. વિદેશ ભણવા ગયા પણ કોઇ ભણતર પૂરું કર્યા વિના જ પાછા ફર્યા. અને છતાં જીવનના ભણતર અને ગણતરના શૃંગ પર એ બિરાજ્યા. સાહિત્ય, સંગીત અને ચિત્રકળામાં એમણે અનેરું સ્થાન જમાવ્યું. સમૃદ્ધ પરિવારના બાળપણ અને યુવાની પછી ૧૯૦૨ના ગાળામાં ભારે આર્થિક સંકળામણ પણ અનુભવી. ભાભી સાથેના પ્રણયસંબંધ અને ભાભી તેમ જ પત્નીના અણધાર્યા અવસાન પછીની એકલતા અને ઝુરાપો પણ એમણે અનુભવ્યો. ગાંધીજીને મહાત્મા તરીકે પ્રચલિત કરનાર રવીન્દ્રનાથ પોતે બેરિસ્ટર મોહનદાસ કરમચંદ ગાંધી માટે ગુરુદેવ બની રહ્યા. બેઉ વચ્ચેના અંતરંગ અને આદરના સંબંધ છતાં વૈચારિક મતભેદ પણ રહ્યા. 'વંદે માતરમ્'ના રચયિતા બંકિમચંદ્ર ચટોપાધ્યાય તથા સમાજસુધારક રાજા રામમોહનરાય એમના માટે સદાય આદર અને શ્રદ્ધાનું સ્થાન ધરાવતા રહયા.કોંગ્રેસના અધિવેશનમાં બંકિમબાબુની નવલકથા નવલકથા 'આનંદમઠ'માં પ્રકાશિત 'વંદે માતરમ્' ગાનાર રવીન્દ્રનાથના જ 'જન ગણ મન'ને ભારતીય બંધારણસભા રાષ્ટ્રગીત તરીકે સ્વીકારીને 'વંદે માતરમ્' સમકક્ષ મૂકે એ સુભગ સંયોગ ગણાય.

પ્રચલિત અર્થમાં સ્નાતકની કોઇ પદવી નહીં ધરાવનાર રવીન્દ્રનાથને ઑક્સફર્ડ યુનિવર્સિટી 'શાંતિનિકેતન' જઇને ડી.લિટ્.ની પદવી એનાયત કરે એ ઓછા ગૌરવની વાત નથી. એમ તો બનારસ હિંદુ યુનિવર્સિટી અને ઓસ્માનિયા યુનિવર્સિટીએ પણ એમને ડી.લિટ્.ની પદવીઓ એનાયત કરી જ હતી. છેક ૧૯૨૪માં ચીનમાં જઇને ગુરુદેવે સંસ્કૃતિ વિશે આપેલાં વ્યાખ્યાનો 'ટૉક્સ ઈન ચાયના' અમારા અધ્યયનમેજ પર સદૈવ પ્રેરણાદીપ બનતાં રહ્યાં છે. સંયોગ પણ કેવો કે પોતાને ૮૦ પૂરાં થયાં ત્યારે ૧૯૪૧માં ગુરુદેવે 'સંસ્કૃતિના સંકટ' પર અંતિમ વ્યાખ્યાન આપ્યું હતું. એના ત્રીજા જ મહિને કોલકાતાના પૈતૃક આવાસ જોડાસાંકોમાં કવિનું નિધન થયું હતું. જીવનના અંતિમ દિવસોમાં એમનું ચિંતન અને ચિંતા વ્યક્ત કરતા જે સંસ્કૃત શ્લોકથી તેમના વ્યાખ્યાનનું સમાપન કરાયું હતું એ આજે અને આવતા દિવસોમાં પણ સમષ્ટિ માટે પ્રેરક છેઃ 'અધર્મથી માણસ અમુક સમય પૂરતો સંપત્તિવાન થાય છે, સુખો પામે છે, હરીફો પર વિજય મેળવે છે. પણ અંતે સમૂળગો નાશ પામે છે.'

**(૧૯ એપ્રિલ ૨૦૧૪, વલ્લભ વિદ્યાનગર)**

॥આપણો વૈભવ અને વારસો ॥
(પદ્ય વિભાગ)

(પહેલી મે ૧૯૬૦ના રોજ ગુજરાતીભાષી ગુજરાત અને મરાઠીભાષી મહારાષ્ટ્રની રચના થઇ અને શ્રી રવિશંકર મહારાજે ગુજરાત રાજ્યનું ઉદ્‌ઘાટન કર્યું. એ નિમિત્તે ગૌરવંતા ગુજરાતીઓનાં સર્જન અહીં પ્રસ્તુત છે.)

## ગુર્જરીના ગૃહકુંજે

ગુર્જરીના ગૃહ કુંજે,
અમારું જીવન ગુંજે. ધ્રુવ

આંખ અમારી , અહીં ખૂલી,
પગલી ભરી અહીં પહેલી,
અહીં અમારા યૌવન કેરી,
વાદળીઓ વરસેલી. ગુર્જરીના.

અહીં શિયાળે તાપ્યા સગડી,
કોકિલ સૂણી'તી વસંતે,
અષાઢનાં ઘનગર્જના ઝીલ્યાં
ઝણહણતા ઉરતંતે ગુર્જરીના.

અમે ભમ્યા અહીંના ખેતરમાં,
ડુંગરમાં ખીણ ને કોતરમાં,
નદીઓમાં નાહ્યા, આળોટ્યા,
કુદરત પાનેતરમાં ગુર્જરીના

અહીં અમારાં તનધન અર્પ્યાં,
પૌરુષનિધિ સૌ સમર્પ્યાં,
વિશ્વવાડીને સુફલિત કરવા,
નસનસથી રસ અર્ચ્યાં. ગુર્જરીના.

અમે અહીં રોયા કલ્લોલ્યા,
અહીં ઊઠ્યા'તા પડછાયા,
જીવનજંગે જગત ભમ્યા પણ,
વિસરી નહિ ગૃહમાયા. ગુર્જરીના.

● સુન્દરમ્

## ગુજરાત
### (પૃથ્વી)

ભમો ભરતખંડમાં સકલ ભોમ ખુંદી વળી,
ધરાતલ ધૂમો ક્યહીં નહિ મળે રુડી ચોતરી.
પ્રફુલ્લ કુસુમોતણી, વિવિધરંગ વસ્ત્રે ભરી,
સરોવર, તરુવરો, જળભરી નદીઓ ભળી.
મહોદધિ લડાવતી નગરબદ્ધ કાંઠે ઢળી,
પ્રદેશ પ્રદેશના સહુ થકી અહીં ગુર્જરી!
ભરી તુજ કૂખે મનોરમ વિશાળ લીલોતરી,
સદા હૃદય ઠારતી, અવર કો ન તુંયે ભલી.
નહીં હિમસમાધિમાં શિખર નીંદરે, કે ખરે,
ઉષા કમળની અહીં ધ્રુવપ્રદેશની લાલિમા.
નથી, ઘણું નથી, પરંતુ ગુજરાતના નામથી,
સદા સળેવળે, દિલ ઝણઝણે, ઊંડા ભાવથી.
સ્ફુરે અજબ ભક્તિની અચલ દીપરેખા,
અરે લીધો જન્મ ને ગમે થવું જ રાખ આ ભૂમિમાં

● ચન્દ્રવદન મહેતા

## ગુજરાત મોરી મોરી રે

મળતાં મળી ગઇ મોંઘેરી ગુજરાત,
ગુજરાત મોરી મોરી રે.
ભારતની ભોમમાં ઝાઝેરી ગુજરાત;
ગુજરાત મોરી મોરી રે.

સાબરનાં મર્દાની સોણલાં સુણાવતી,
રેવાનાં અમરતની મર્મર ધવરાવતી,
સમદરનાં મોતીની છોળે નવરાવતી,
ગુજરાત મોરી મોરી રે.

ગિરનારી ટૂકો ને ગઢ રે ઇડરિયા,
પાવાને ટોડલે મહાકાળી મૈયા,
ડગલે ને ડુંગરે ભરી દેતી હૈયાં,
ગુજરાત મોરી મોરી રે.

આંખની અમીમીટ ઊમટે ચરોતરે,
ચોરવાડ વાડીએ છાતી શી ઊભરે!
હૈયાનાં હીર પાઇ હેતભરી નીતરે,
ગુજરાત મોરી મોરી રે.

કોયલ ને મોર ને મેઘમીઠે બોલડે,
નમણી પનિહારીને ભીને અંબોડલે,
નીરતીર સારસશાં સુખડૂબ્યાં જોડલે,
ગુજરાત મોરી મોરી રે.

નર્મદની ગુજરાત દોહ્યલી જીવવી,
ગાંધીની ગુજરાત કપરી જીરવવી,
એકવાર ગાઇ કે કેમ કરી ભૂલવી?
ગુજરાત મોરી મોરી રે.
ભારતની ભોમમાં ઝાઝેરી ગુજરાત,
ગુજરાત મોરી મોરી રે.
મળતાં મળતાં મળી ગઇ મોંઘેરી ગુજરાત,
ગુજરાત મોરી મોરી રે.

● ઉમાશંકર જોશી

# આધ્યાત્મિક સામ્રાજ્યના સર્જક

**નાની પાલખીવાલા**

**(મે મહિનામાં આદિ શંકરાચાર્યનો જન્મદિવસ આવે છે એ નિમિત્તે)**

મોટા ભાગના ઇતિહાસવિદો એ વાતમાં સહમત છે કે જો કોઇ પણ દેશમાં કોઇ પણ સમયે થયેલી કેવળ બાર મહાનમાં મહાન વ્યક્તિઓનાં નામની ગણતરી કરવામાં આવે તો તેમાં એક નામ નિર્વિવાદપણે આદિ શંકરાચાર્યનું હોય. હું તેઓને 'વિશ્વમાનવ' કહીશ. એકથી વધુ અર્થોમાં તેઓ 'વિશ્વમાનવ'કહેવડાવવા યોગ્ય છે. સહુ પ્રથમ માનિસક કૈ નૈતિક પ્રવૃત્તિઓનાં અનેક ક્ષેત્રોમાં તેઓની સિદ્ધિ સર્વોત્તમ પ્રકારની હતી. આમાંની પ્રત્યેક તેઓને અજર-અમર કરવા પૂરતી સમર્થ હતી.

આદિ શંકરાચાર્ય પ્રથમકક્ષાના કવિ અને વળી ઉત્તમોત્તમ તત્વવેત્તા હતા. તેઓ સર્વોત્તમ આધ્યાત્મિક ઉન્નતિના મર્મજ્ઞ પંડિત અને ઉચ્ચ કોટિના સંત હતા. તેઓ રહસ્યવાદી અને ધાર્મિક સુધારક હતા. તેઓ કર્મયોગી, ભક્તિયોગી અને જ્ઞાનયોગી હતા અને આ પ્રત્યેક માર્ગમાં તેઓ અગ્રીમ હરોળ શોભાવતા હતા.



પ્રથમ જ્ઞાનયોગી તરીકે તેઓશ્રીનું જ્ઞાન લગભગ પ્રત્યયાતીત ન માની શકાય તેવું અદ્ભૂત હતું. તેઓ વેદો, ઉપનિષદો અને ગીતાના હાર્દ સુધી પહોંચી શકતા અને આ શાસ્ત્રગ્રંથોનો એવી રીતે અર્થવિસ્તાર કરી શકતા કે જે ક્યારેય કોઇનાથી આગળ વધી શકાયો નથી.

ભક્તિયોગી તરીકે તેઓ અપાર શ્રદ્ધાવાન અને અનંત કરુણામય વ્યક્તિ હતા. કોઇ પણ માનવીય વસ્તુ તેઓના સ્વભાવ માટે પારકી ન હતી. પ્રત્યેક માનવી તેઓને માટે સમાન હતા.

કર્મયોગી તરીકે તેઓ અન્ય કર્મયોગીઓ કે જેઓએ જગતમાં ઉત્કૃષ્ટતા કે વૈશિષ્ટ્ય પ્રાપ્ત કર્યું છે તેવા જે કાંઇ કરી શક્યા તેના કરતાં પણ વધુ ઉત્તમ કોટિના એ કર્મયોગી હતા.

ભારતના જુદા જુદા ખૂણાઓમાં મઠ સ્થાપવામાં તેઓનો શો ઉદ્દેશ હતો? તેઓનો એક મુખ્ય વિચાર એ હતો કે આ એક જ દેશ છે. ભલે આપણામાં જુદા જુદા ધર્મો હોય, જુદા જુદા પંથો હોય કે વિભિન્ન મતો હોય અને અનેક પ્રજા અહીં રહી હોય અને તે અનેક સદીઓથી વસી હોય પણ આપણે સહુ એક જ કુટુંબના સભ્યો છીએ. वसुधैव कुटुम्बकम् । તેઓનુંસમગ્ર દેશમાં પરિભ્રમણ કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ એ સંદેશનું દૃઢીકરણ કરવાનો હતો કે આપણું એક અને અવિભાજ્ય ભાવિ છે અને મહાન દેશમાં સર્વત્ર એક સમાન સંસ્કૃતિ વ્યાપેલી છે.

જો આપણે એમનાં લખાણો વાંચીએ તો આપણે સહેલાઇથી જોઇ શકીશું કે તેઓ એક ધર્મના પ્રચાર કરનાર નહીં પરંતુ અનેક ધર્મોની અંદર આધારભૂત તરીકે રહેલા ધર્મનો પ્રચાર કરનાર મહામાનવ હતા. આદિ શંકરાચાર્ય તેમના દૃષ્ટિબિંદુમાં સર્વવ્યાપકતા ધરાવતા હતા. તેઓનો સંદેશ કેવળ હિંદુઓ માટે જ નહિ પરંતુ સમગ્ર માનવજાત માટે હતો. ચોક્કસ રીતે સ્વામી વિવેકાનંદ અને શ્રી અરવિંદે અવશ્ય તેઓના વિશે વિચાર્યું હશે જ્યારે તેઓએ કહેલું કે ભારતનું ભાવિ વિશ્વના આધ્યાત્મિક નેતા અને નીતિમત્તાના ગુરુ થવાનું છે.

આજે જ્યારે આપણે ચારે બાજુ જોઇએ છીએ કે કેવી કરુણતાની ખાઇમાં આપણે ઊંડા ઉતરી ગયા છીએ ત્યારે ભાગ્યે જ આપણને ખાત્રી થઇ શકે કે આવું ભવ્ય આપણું ભાવિ છે. પરંતુ આધુનિક વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનની પ્રગતિ વિશે જે કાંઇ થોડું ઘણું હું જાણું છું તેને આધારે મને સહેજ પણ શંકા નથી કે સ્વામી વિવેકાનંદ અને શ્રી અરવિંદે ભાખેલું ભાવિ સાચું પડીને જ રહેવાનું છે. આ દેશ વિશ્વનો નૈતિક અને ધાર્મિક ગુરુ થવા સર્જાયો છે અને થશે.

આદિ શંકરાચાર્ય એમનું ઊડીને આંખે બાઝે તેવું સઘળું કાર્ય ફક્ત ૩૨ વર્ષના ટૂંકાગાળામાં કર્યું. બૅકને કહેલું સિદ્ધ કરી આપ્યું કે માણસ ઉંમરમાં યુવાન હોઇ શકે પણ કલાકોની બાબતમાં એ વૃદ્ધ બની શકે; જો તેણે પોતાનો સમય નકામો ગુમાવ્યો ન હોય અને શંકરાચાર્યે પોતાનો સહેજ પણ સમય ક્યારેય એળે જવા દીધો ન હતો. તેઓના જીવનની પ્રત્યેક ક્ષણ વિચારોથી અને કાર્યોથી ભરેલી રહી હતી. અને મહાન મઠો તેઓશ્રીએ આજથી ૧૨૦૦ વર્ષ પહેલાં સ્થાપેલા તે વિદ્યમાન છે અને

આ જ દેશને જેની અત્યંત આવશ્યકતા છે તે પ્રકારનું માર્ગદર્શન પૂરું પાડે છે.

એ વાત કે જે મને સહુથી વધુ આશ્ચર્યકારક રીતે સ્પર્શે છે તે એ કે અત્યંત આધુનિક વિજ્ઞાને જે તારણો કાઢ્યાં છે તેની સાથે આદિ શંકરાચાર્યનો ઉપદેશ કેટલું સામ્ય ધરાવે છે, કેટલા તેની નિકટ બેસે છે! જે ૧૨૦૦ વર્ષ પૂર્વે આદિ શંકરાચાર્ય કહી ગયા તે આજ સાચું સિદ્ધ થયું છે, તેની ખાત્રી કરવા માટે સર આર્થર ઍડિંગ્ટનનું 'ધ નેચર ઓફ ધ ઝિકલ વર્લ્ડ' અથવા સર જૅમ્સ જીનનું 'ધ મિસ્ટિરિયસ યુનિવર્સ' અને 'ધ સ્ટાર્સ ઈન ધૅર કોર્સ' તમારે વાંચવાં પડે.

આ એક કેવી ન માની શકાય તેવી વાત છે કે માનવીનો આત્મા કેવળ ધ્યાન અને અંતર્મુખતાથી પરમ તત્ત્વ વિશે યોગ્ય સાચા નિર્ણયો તારવી શકે કે જ્યાં વૈજ્ઞાનિક સંશોધનનાં સેંકડો વર્ષો આખરે દોરી જાય છે સર જૅમ્સ જીન્સ, સર આર્થર એડિંગ્ટન, આલ્બર્ટ આઈનસ્ટાઈન અને 'ઍટમ અને ઍટોમિક રિસર્ચ'ના એક લેખક મૅક્સ પ્લેંક જેવા આધુનિક વૈજ્ઞાનિકોનો મુખ્ય સંદેશ એ છે કે જો કે આ વિશ્વનું અસ્તિત્વ છે પરંતુ તેનો દેખાવ તેની વાસ્તવિકતા કરતાં જુદો છે. ડૉ સી.પી. રામસ્વામી અય્યરે સાચું જ કહ્યું છે કે આપણને આશ્ચર્ય થાય છે કે થિયેરી ઑફ રિલેટિવિટી કે જે ૨૦મી સદીમાં પ્રસ્થાપિત કરવામાં આવી એ પ્રાચીન ભારતને ૩૦૦ વર્ષે પૂર્વે જ્ઞાત હતી.

વાસ્તવમાં મને તો શંકા જ નથી કે આજના આપણા મહાન વૈજ્ઞાનિકોની કોઈ બેઠકમાં અથવા આજ વિદ્યમાન નથી એવા વૈજ્ઞાનિકો જીવતા હતા ત્યારે દસેક વર્ષ પૂર્વે યોજાયેલ બેઠકમાં આદિ શંકરાચાર્યે પોતાની જાતને સારી રીતે સ્વસ્થ જાણી હોત, આરામપૂર્વક માણી હોત. તેઓએ તેમાં સમાનતાના ધોરણે વિજ્ઞાનની અંતિમ થિયરીઓની ચર્ચા કરી હોત કે જે થિયરીઓ તેઓએ પોતાના અંતર્જ્ઞાન દ્વારા સાચી છે એમ જાણી લીધું હતું.

જે રીતે આદિ શંકરાચાર્ય ઉપર લખનાર વિવિધ લેખકોએ તારણ કાઢ્યું છે- સાચા અર્થમાં તેઓ ઉપર લખાયેલાં પુસ્તકો એક પુસ્તકાલય ખડું કરી શકવા પૂરતાં છે- તે મુજબ તેઓનું મુખ્ય પ્રદાન તેઓએ કરેલો સઘળા ધર્મોનો સમન્વય છે. એ યાદ રાખવું જોઈએ કે તેઓના સમયમાં જુદા જુદા સંપ્રદાયો, ઉપ-સંપ્રદાયો,જ્ઞાતિઓ અને જાતિઓ અસ્તિત્વ ધરાવતી હતી. પ્રાચીન હિન્દુ ધર્મ સામે બૌદ્ધધર્મનો પ્રશ્ન હતો અને જુદી જુદી ફિલસૂફીઓ અને માન્યતાઓનું તમે ક્યાં સુધી સમાધાન કરી શકો, વિવાદશમન સાધી શકો- એ પણ એક પ્રશ્ન હતો.

આદિ શંકરાચાર્યે વિવિધ વાદોના વિવાદોનું કેવળ શમન જ નથી કર્યું પણ તેઓનું વિશોધન પણ કર્યું. જેમ જેમ સંપ્રદાય, ધર્મ કે ભાષા સદીઓ પસાર કરે તેમ તેમ તેમાં અનુપયોગી અને અવાસ્તવિક બાબતોનું બાહ્યપડળ રચાય છે અને પછી આ અવાસ્તવિક વસ્તુઓને ધર્મના સાર તરીકે સ્વીકારી લેવામાં આવે છે. શંકરાચાર્યે એ બાહ્યપડળને તોડી નાખ્યું તથા તે સઘળા ધર્મોના સારભૂત તત્વ સુધી પહોંચ્યા અને દર્શાવ્યું કે તે સહુનો કેવી રીતે સમન્વય થઈ શકે છે અને તે સહુ એક પદ્ધતિમાં કેવી રીતે આવી શકે છે.

આના પરિણામે તેઓના તત્ત્વદર્શનને એક પ્રકારની પૂર્ણતા, એક પ્રકારની સમગ્રતા પ્રાપ્ત થઈ. તમામ શંકરાચાર્યના તત્વજ્ઞાનની અંદર કાંઈ જોડવાની જરૂર નથી. જેમ કે તેઓના સ્તોત્રો તે ભાગ્યે જ ન માની શકાય તેટલા સુંદર છે. તેઓએ માનવીનું મન ઉપજાવી શકે તેવી ભવ્ય સંસ્કૃત ભાષામાં તે રચ્યાં છે. તેમાં તેઓનું ઊંડું દર્શન મૂર્તિમંત થયું છે.

વાસ્તવમાં હું ચારે બાજુ જોઉં છું અને છાપાંમાં જે દેખા દે છે તે વાંચું છું ત્યારે મારી જાતને હું પ્રશ્ન કરું છું કે શું આ દેશ ક્યારેય પોતાની મહાનતા પીછાણશે ખરો? પરંતુ આપણા નસીબમાં એવા અજ્ઞાનીઓના યુગમાં જીવવાનું લખ્યું છે કે જેઓને આ દેશ કેટલો મહાન છે તેનો કોઈ ખ્યાલ નથી. ભગવાને ભગવદ્ગીતામાં કહ્યું છે કે 'જ્યારે ધર્મની હાનિ થાય છે ત્યારે હું ધર્મની સ્થાપના માટે અવતાર લઉં છું' અને મને કોઈ શંકા નથી કે આપણે એવા ઊંડાણમાં ડૂબી ગયા છીએ તેથી હવે તેવો-ઈશ્વરને અવતાર લેવાનો-દિવસ નજીકમાં જ છે.

આદિ શંકરાચાર્ય માટે તત્ત્વજ્ઞાન એ બૌદ્ધિક કસરત ન હતી. એ તો જીવનનું એક સમર્પણ હતું. આદિ શંકરાચાર્ય પ્રત્યેક માનવીના જીવને પરમતત્ત્વનું સ્વરૂપ માનતા હતા. તેઓએ કહ્યું છે કે આપણને અનુદાનરૂપે ઉપલબ્ધ થયેલું માનવજીવન એ દિવ્ય તત્ત્વની ઈચ્છા અનુસાર આપણી જાતને તેના નિમિત્ત બનવા માટે મળેલું છે.

પૌર્વાત્ય અને પાશ્ચાત્ય વિદ્વાનોએ જે રીતે સાર કાઢ્યો છે તે મુજબ તત્ત્વજ્ઞાન સારભૂત ચાર તત્ત્વો આ પ્રમાણે છે.

સૌ પ્રથમ તેઓ કહે છે કે શું નિત્ય છે અને શું અનિત્ય છે એ બે વચ્ચે તમારે વિવેક કરવો જોઈએ, ભેદ

તારવવો જોઇએ. એક-અદ્વૈત છે બીજું તે કહે છે કે જે અનેક છે- બહુ છે તે બદલાય છે અને નાશ પામે છે. આથી જે બદલાતું રહે-વિકાસ પામતું રહે અને નાશ પામતું રહે તેની સાથે જોડાશો નહિ. પરંતુ જે શાશ્વત છે, નિત્ય છે તેની સાથે જોડાવ કારણ કે તે એક જ સાચું તત્ત્વ છે.

તેઓ ગૃહસ્થ જીવનની વિરુદ્ધ ન હતા. તેમની પાસે એટલું અનુભવવાની પૂરતી બુદ્ધિ હતી કે જો ગૃહસ્થાશ્રમ જ ન રહે તો માનવજાતનો જ અંત આવી જાય, ઉચ્છેદ થઇ જાય પરંતુ તેનો સંદેશ હતો. 'તમારું ધન કે કુટુંબ સહિત જે કાંઇ તમારી આસપાસ છે તે સઘળું નાશવંત છે તેની ખાત્રી કરો.' તેઓ પ્રત્યેનો વધુ પડતો રાગ તમારા મનને પરમતત્ત્વથી દૂર કરી નાશવંત તરફ દોરી જશે. તેઓનો બીજો સંદેશ એ હતો કે કે આપણામાંથી દરેકે દરેક વ્યક્તિએ આપણે જે કાંઇ કરીએ છીએ તેમાંથી ફળની ઇચ્છાનો ત્યાગ કરતાં શીખવું જોઇએ. તમારું વલણ એ હોવું જોઇએ કે તમે જે કાંઇ કરો છો તેના ફળની આશામાં તમને રસ નથી. મને પ્રશ્ન થાય છે કે જે કાંઇ શંકરાચાર્યે કર્યું તેનો પૂરો બદલો તેમને તેમના જીવનકાળમાં મળ્યો હશે કે કેમ? પરંતુ તેઓ જાણતા હતા કે યુગો પછી માણસો તેમના સંદેશનું મહત્ત્વ સમજશે.

ઇસુ ખ્રિસ્તને તેમની આજુબાજુના મનુષ્યોની બહુમતિના વૉટથી ક્રોસ ઉપર ચઢાવી દેવામાં આવ્યા હતા. તે જ રીતે લોકશાહીને બહુમતિના મતને-બુદ્ધિ કે તર્કની તરફેણનો અથવા જે સત્ય છે તેની તરફેણનો મત માની લેવાની ભૂલ ક્યારેય કરશો નહિ. જે સત્ય છે તે બહુમતિ માનતી હોય તેના કરતાં ઘણીવાર તદ્દન જુદું જ હોય છે. સોક્રેટિસને તેના જ અનુયાયીઓ દ્વારા ઝેર આપીને મારી નાંખવામાં આવ્યો હતો. અને એ પણ વોટની બહુમતિથી.

આદિ શંકરાચાર્યનો ત્રીજો સંદેશ નૈતિક તૈયારી માટેનો હતો. તેઓ માનતા હતા કે આપણામાંથી એકએક વ્યક્તિએ એવી રીતે જીવવું જોઇએ કે જે 'વૈતરણી પાર ઉતરતી' વખતે ઇશ્વરને મળી શકો અને આખરી 'કોલ' આવે ત્યારે ધન, બુદ્ધિ કે શક્તિરૂપે જે કાઇ આપવામાં આવ્યું હતું તેનાથી તમે જે કાંઇ હાંસલ કર્યું હોય તેનો વિશુદ્ધ 'રૅકોર્ડ' રજૂ કરી શકો. માટે તમે તમારી શક્તિ તમારા મનની જેમ તમારા અનુયાયીઓના વિશ્વાસ માટે ધારણ કરો. તેઓ માનતા કે પ્રત્યેક વ્યક્તિ માટે કરુણા અને સ્નેહ એ નૈતિક જીવનની તૈયારીનો એક ભાગ છે.

મને તેમના સ્તોત્રમાંથી અહીં તમારે માટે થોડાક શબ્દો ઉદ્ધૃત કરવા ગમશે. ''તમારામાં મારામાં અને અન્ય સર્વત્ર કેવળ એક જ વિષ્ણુ રહેલા છે.'' તમે તમારી જાતને બાકીની સઘળી વસ્તુઓમાં નિહાળો. બીજા મનુષ્ય કે પદાર્થો વચ્ચેના ખોટા ભેદનો ખ્યાલ ત્યજી દો. આ હતો વિશ્વ ઐક્યનો સંદેશ, આ હતો સમગ્ર માનવજાતના ભ્રાતૃત્વનો સંદેશ.

ખરેખર તો સમગ્ર માનવજાતની વાત બાજુએ રહેવા દઇએ પણ આપણને એક જ દેશમાં ભ્રાતૃભાવની વૃત્તિનું સર્જન કરવાનું અઘરું લાગે છે. અરે, કદાચ બે રાજ્યો એકબીજાની સાથે જોડાયેલાં હોય તે તેમની પ્રજા વચ્ચે પણ ભ્રાતૃભાવની વૃત્તિ ધરાવવાનું આપણને અઘરું જણાય છે. તેથી આપણે આદિ શંકરાચાર્યનો સંદેશ પામી શકીએ તે પહેલાં આપણે હજુ ઘણો લાંબો પંથ કાપવાનો બાકી છે. અને તેઓનો છેલ્લો સંદેશ સ્વતંત્રતાની આરઝૂ માટેનો હતો જેને સૅન્ટ લુકે પોતાના એપિસ્ટલમાં ''શાશ્વત જીવનની ઝંખના''કહેલ છે. આદિ શંકરાચાર્યે કહ્યું છે કે આ જગત તો એક તૈયારી કરવા માટેનું આધારસ્થાન છે, એક શાળા છે, જ્યાં આપણે આપણી જાતને 'શાશ્વત જીવન' માટે શિક્ષણ આપવાનું છે.

આદિ શંકરાચાર્યના જન્મ અને મૃત્યુ માટેના સમયની બાબમતાં કોઇ નિશ્ચિતતા નથી. મૅક્સ મૂલર માનતા હતા કે તેઓ ઇ.સ. ૭૮૮માં જન્મ્યા હતા અને ઇ.સ. ૧૯૮૮ થી ૧૯૮૯માં આપણે તેઓની ૧૨૦૦મી જયંતી ઉજવી રહ્યા છીએ. આપણે એ બાબતમાં પણ ચોક્કસ નથી કે કયા વર્ષે તેઓનું નિધન થયું, જો કે સામાન્ય માન્યતા એવી છે કે તેઓ ૩૨ વર્ષના હતા ત્યારે આ દુનિયામાંથી ચાલ્યા ગયા. પરંતુ તેઓના જન્મ કે મૃત્યુનું ગમે તે વર્ષ હોય તેમના અંગત જીવન કરતાં તેમનો સંદેશ ઘણો મહત્ત્વનો છે.

હું જેને 'આધ્યાત્મનું સામ્રાજય' કહું તેની તેઓએ સ્થાપના કરી હતી. અનેક યુગો આવ્યા અને ગયા, રાજ્યો સમૃદ્ધ થયાં અને નાશ પામ્યાં પરંતુ આદિ શંકરાચાર્યનું 'આધ્યાત્મનું સામ્રાજય' હજુ તેવું ને તેવું જ રહ્યું છે અને જયાં સુધી આપણી જનતામાં આદિ શંકરાચાર્યનો 'સ્પીરિટ' રહેશે ત્યાં સુધી આ દેશની મહાનતા માટેની આશા બની રહેશે.

(મુંબઇમાં જાણીતા ધારાશાસ્ત્રી અને ચિંતક પાલખીવાળાએ ૧૯૮૯માં આપેલા પ્રવચનને આધારે આ લેખનો પાઠ કુ. પ્રતિષ્ઠા પંડ્યાએ કરેલો છે. ડૉ. ગૌતમ પટેલસંપાદિત 'આદિ શંકરાચાર્ય'માંથી સાભાર.)

## બારી બહાર

● પ્રીતમ લખલાણી

બારી ઉઘડવાની
પ્રતીક્ષામાં
અંધારું
પાછલી ખટ ઘડીથી
વૃક્ષની ડાળે
આવીને બેઠું છે.
પણ ઘડિયાળના કાંટે
રઝળતી હરખપદૂડી
ક્ષણે
ચોર પગલે
તિરાડમાંથી પ્રવેશ કરી
પથારીમાં
સૂર્ય ઊગવાના કોડ જોતા
પ્રભાતને
જગાડી દીધું
ઝાકળથી
મજેથી ન્હાતી
મોગરાની કળીના
ફૉટોગ્રાફને
કચકડે મઢી લેવા !!!

(65, Falcon Drive, NY 14586. USA.
Email:preetam.laklani@gmail.com)

## ગઝલ

● કિરીટ ગોસ્વામી

છે બધું તેવું જ જોવાનું, મુસાફર
માત્ર ભીતર મન પરોવાનું, મુસાફર

કોઈનાં આંસુ ન વાંચે કોઈ અહિંયાં;
વ્યર્થ છે ચોપાસ રોવાનું, મુસાફર

છે બધું ગાંઠે કર્યાનો વ્હેમ તારો;
આખરે સઘળુંય ખોવાનું, મુસાફર

મિત્ર હો કે શત્રુ, સરખો ભાવ રાખી,
કામ કર બસ, પ્રેમ બોવાનું, મુસાફર

બ્હાર સરનામું ન એનું શોધ નાહક;
ક્યાંક તારામાં જ હોવાનું, મુસાફર

(એફ-૨૦-૬૬૬, પહેલો માળ, રણજિત નગર,
જામનગર-૩૬૧૦૦૫. મો:- ૯૮૭૯૪૦૧૮૫૨)

## ભાન સરવામાં

● સુધીર પટેલ

(બે કાફિયાવાળી ગઝલ)

રાત- દિવસ સમાન કરવામાં,
હર ઘડી એનું ધ્યાન ધરવામાં !
જિંદગી એમ સાવ વીતી ગૈ,
અન્યનું ગુણગાન કરવામાં !
આભ દેતું રહ્યું નિમંત્રણ, પણ-
હામ ખૂટી ઉડાન ભરવામાં !
અધવચાળે ડૂબી જવાયું છે,
આંખોનું આસમાન તરવામાં !
ખુદ સુધી એટલે જવાયું નહિ,
હું રહ્યોતો જહાન ફરવામાં !
ભાન ત્યારે જ લાધ્યું તું સુધીર,
જયાં હતું એ જ ભાન સારવામાં !

(2624 Jameson Dr. NW, Concord, NC 28027. USA. Email: sudhir12@gmail.com)

## એ જ ધારો છે

● ચંદ્રકાન્ત પટેલ

વરસોથી ચાલી આવતો આ  એ જ ધારો છે,
પાંખો વગર ઉડતો એ બહુ ઊંચો ગુબારો છે.

પગ માંડતા તો આ ધધકતી ધૂળ બાળે છે,
નક્કી અમારા મૂળનો એમાં પ્રસારો છે.

સમજયો નથી શબ્દો પૂરા ત્યાં અર્થની શી વાતો,
કાંઠા અને સાગર વચ્ચેનો એ ધખારો છે.

કોને કહું વાતો અમારું છળ પીડે અમને,
છેતરતી કઇ ચાહતનો ભીતરમાં ઉતારો છે.

બળતા રહે છે સૌ અને એ બાળતો રહ્યો,
એકેક રીતો ને રિવાજો ખુદ તિખારો છે.

અજવાસ જેવું હોય કંઇ તો છે સ્મરણ તારું,
બાકી અમારે જીવતર બૂઝેલ તારો છે.

અળગું કરી શકશો નહીં બેમાંથી કોઇને,
આ જિંદગીને મોતની સાથે પનારો છે.

તોડી મરોડી વીંખી નાખી યાદોને આખી,
તો ડંખ-દરદોનો મળી આવ્યો ઉભારો છે.

(આસોપાલવ શેરી નં.૨, રેલવે સ્ટેશન પ્લોટ,
માણાવદર-૩૬૨૬૩૦ જિ. જૂનાગઢ મો:- ૮૭૩૫૯૦૨૪૨૪)

# અંગ્રેજી કાવ્યનો ગુજરાતી અવતાર

જ્યોતીન્ પટેલ

## The Hour is Near!

Ah! woe is me! poor silver-wing!
That I must chant thy lady's dirge,
And death to this fair haunt of spring,
Of melody, and streams of flowery verge,—
Poor silver-wing! ah! woe is me!
That I must see
These blossoms snow upon thy lady's pall!
Go, pretty page! and in her ear
Whisper that the hour is near!
Softly tell her not to fear
Such calm favonian burial!
Go, pretty page! and soothly tell,—
The blossoms hang by a melting spell,
And fall they must, ere a star wink thrice
Upon her closed eyes.
That now in vain are weeping their last tears,
At sweet life leaving, and these arbours green,-
Rich dowry from the Spirit of the Spheres.

**- John Keats**

## અંતિમ ક્ષણે

ક્ષુબ્ધ છું હું, છું હું વિષાદે ભરેલો
મરશિયા તુજ પ્રિયતમાના ગાવા નશીબ મારે.
મૃત્યુ દેવતા ક્રૂર તું કેવો રમણી વસંત ઉપરે,
કેમ કરી શકે દંશ તું
મધુર ગીતદિલે-ખાસનો,
પુષ્પછાયી કિનાર-કેડીએ વહેતાં નીરનો?
વિષાદ હૈયે ભરી બેઠો છું, બાળ મારા,
લલાટ મારે લખ્યું જે જોવું જ પડશે મારે તો-
પાથરશે વસંતેબહાર પુષ્પ-ચાદર
તવ પ્રિયતમા સમાધિ ઉપરે.
જા ભાઈ જા-
કહી દે હળવે હળવે કાનમાં એહના-
આવી છે ક્ષણ આખરી.
મૃદુ વચને કહેજે એને-
રાખે ના ડર ધરતી માંહ્ય સમાઈ જવાનો.
જા ભાઈ જા-
મધમીઠો બોલ કહેવાને કાજ
સમય તો સરતો રહેવાનો-
વસંત જુએ છે વાટ ખીલવાની-
'ને જવાની એ ય જરૂર જવાની.
ચમકશે વારેવારે તારલા તવ બંધ ચક્ષુ સમીપે,
જિંદગી તણા પ્રસ્થાનકાળે છે વ્યર્થ આંસુ.
ધરામૃત વનરાજીને કરવા અલવિદા
શીદ વહાવવાં આંસુડાં.

(અવિચલ બંગલો, શાસ્ત્રી માર્ગ, ઑફ બાકરોલ,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦)

# વિદ્યાનિષ્ઠ, ચારિત્રનિષ્ઠ અને વિદ્યાર્થીનિષ્ઠ શિક્ષક

**શનુભાઇ પટેલ**

(ચારુતર વિદ્યામંડળસંચાલિત ભીખાભાઇ જીવાભાઇ વાણિજ્ય મહાવિદ્યાલય-બીજેવીએમ-ના વિદ્યાર્થી, પ્રાધ્યાપક અને આચાર્ય રહેલા શ્રી શનુભાઇ અત્યારે સીવીએમના માનદમંત્રી છે. સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલની અધ્યક્ષતામાં ૧ એપ્રિલ ૨૦૧૪ના રોજ બીજેવીએમ પરિવારે તેમનું અમૃતપર્વ ઉજવ્યું ત્યારે સન્માનમૂર્તિએ આપેલા મનનીય સન્માન ઉત્તરવ્યાખ્યાનના અંશ અહીં પ્રસ્તુત છે.)



સૌ પ્રથમ તો આપ સૌનો આભાર માનું. મારા પ્રત્યે આટલો બધો સદ્ભાવ બતાવવા માટે આમ તો હું નિવૃત્ત થયો ત્યારે સીવીએમે મારા કામની કદર કરેલી જ હતી અને કોમ્પ્યુટર સેન્ટરનું નામ જોડાયેલું.

નિવૃત્તિ પછી યુ.એસ.એ. ગયો. છ માસમાં પ્રમુખસ્વામીનો આદેશ થતાં બીએપીએસના શૈક્ષણિક કામ માટે પાછો આવ્યો. મારી સાથે બીવીએમના પ્રો.ડૉ. અમિત ત્રિવેદી પણ બીએપીએસની સેવામાં હતા. ત્યાં અમે સાતેક વર્ષ ૨૦૦૭ સુધી કામ કર્યું. વળી પાછો યુએસએ ગયો, પણ સીએલ સાહેબની વિનંતી થતાં જૂન ૨૦૦૮થી સીવીએમમાં છું.

આજે બીજેવીએમના વિદ્યાર્થીઓ મળ્યા છે. મને કૉલેજ છોડે ૧૮ વર્ષ થઇ ગયાં છે અને તમને ભણી ગયાને ૨૦-૨૫-૩૫ વર્ષો થઇ ગયાં છે, છતાં મારે શું ગુનો છે?

જોકે મને ખબર છે કે હું હું છું અને શિક્ષક છું. શિક્ષક શિક્ષકત્વથી ભરપૂર હોવો જોઇએઃ ચાણક્યના શબ્દોમાં કહીએ તો શિક્ષક કમી સાધારણ નહીં હોતા. સીએલ સાહેબને પણ ઋષિની ઉપમા આપે છે. શિક્ષક વિદ્યાનિષ્ઠ, ચારિત્ર્યનિષ્ઠ અને વિદ્યાર્થીનિષ્ઠ હોવો જોઇએ. શિક્ષક શિક્ષક જ હોવો જોઇએ, શેરબ્રોકર નહીં. શિક્ષકે પોતાના અધ્યાપનના વિષયને ખૂબ જ રસપ્રદ(ઇન્ટરેસ્ટિંગ) બનાવવો જોઇએ. વિષયમાંથી વિદ્યાર્થીઓનો ભય દૂર કરવો જોઇએ. વિદ્યાર્થીઓ સાથે સંપૂર્ણ આંખમાં આંખ પરોવીને (આઇ કોન્ટેક્ટ) રાખીને દરેકને વિશ્વાસમાં લઇને ભણાવવા જોઇએ, વર્ગને સ્વર્ગ માની દરેક વર્ગ એટલા જ ઉત્સાહથી ભણાવવા જોઇએ કારણ વિદ્યાર્થી ઘણી જિજ્ઞાસાથી, કંઇક નવું જાણવા, શીખવા શિક્ષક પાસે આવે છે. આ બધાનો ખ્યાલ રાખીને મેં મને સોંપાયેલા અનેકવિધ વિષયોને ન્યાય આપવાનો પ્રયત્ન કરેલો છે. આ કદાચ મારો ગુનો ગણાયો હોય તેમ લાગે છે, છતાં કોઇના સારાપણાને જીરવવું બધા માટે શક્ય નથી હોતું. તેથી થોડાઘણા વક્રદૃષ્ટા હોય જ છે.

આ એક વાત થઇ. સતત કાર્યશીલતા એ કર્મયોગનો સિદ્ધાંત છે. નિષ્ક્રિયતા એ મરણ છે. કાર્યશીલતા એ ગતિશીલતાનો પર્યાય છે. માત્ર નસીબ ઉપર આધાર રાખનારને વરદાન પ્રાપ્ત થતું નથી. સતત મંડ્યા રહેવું એ જીવન છે.

*હાથની રેખા ઉપર ભરોસો ન કર,*
*જેને હાથ નથી હોતા, તેને પણ નસીબ હોય છે.*

હા, જીવનમાં ચડાવઉતાર તો આવવાના જ. કેટલીક વાર વગર વાંકે, માત્ર અન્ય સહકર્મીઓના તેજોદ્વેષને કારણે પણ આપણે એરણની કસોટી ઉપર ચઢી જવું પડે છે. એક શાયરે ખરેખર, કહ્યું છે તેમ,

જિંદગી નહોતી ખબર કે એ કેવળ મજાક છે,
સીધા દિશે જ્યાં માર્ગ ત્યાં નાજુક વળાંક છે.

એટલે અણધારી કસોટીઓ તો અમારી ૧૯૬૮થી થતી આવી છે, તે આજ દિન સુધી આ કાર્યક્રમના ટાણે પણ કાગળો લખીને ઈર્ષાભાવથી અમારું સ્વાગત થતું રહ્યું છે. કારણ કોઇના સારાપણાને જીરવવું બધા માટે શક્ય નથી હોતું. પ્રાર્થનામાં ગવાયું હતું તેમ 'ઝેર જગતનાં જીરવી જીરવી દીપ કદી ન ઓલવાજો.....'

શાયરે ગાયું છે તેમ,
ઝેરનો સવાલ જ ક્યાં છે?
જેને હું ક્યારનોય પી ગયો છું,
એમને સવાલ એ જ છે કે, હું જીવી ગયો છું.

પણ મિત્રો, જેણે કામ જ કરવું છે, એ જો પોતાની રીતે અને જગતની રીતે સાચા હોય તો આવી પ્રવૃત્તિઓ વિશે કોઇપણ પ્રતિભાવ ન આપતા સાચા માર્ગે આગળ વધતા અહીં આવી ઊભા છીએ.

આ ટાણે, અને અગાઉ પણ વખતોવખત આપ સૌએ મારા કાર્યમાં શ્રદ્ધા રાખી મને કામમાં પ્રવૃત્ત રહેવા પ્રોત્સાહન અને હૂંફ પૂરાં પાડ્યાં છે. મેં તમને કોઇને પણ વ્યક્તિગત કશું જ આપ્યું નથી. માત્ર એક અધ્યાપક તરીકે તમને વર્ગમાં જે કંઇ મળ્યું હોય તે ! અને છતાં આપ બધાએ મને આપેલા આદરભાવથી દાટી દીધો છે. સ્વામિનારાયણ વિદ્યાપીઠનાં મારાં સાત વર્ષો પણ સેવા-ભક્તિભર્યાં રહ્યાં. તેમાં ખાસ કરીને વિદ્યાપીઠના જોઇન્ટ ડિરેક્ટર પ્રો. અમિત ત્રિવેદી તથા એડમિનિસ્ટ્રેટરશ્રી શ્રીધરાણી અને પ્રિન્સિપાલ શ્રીમતી વર્મા મૅડમ સાથે કામની સુખદ ક્ષણોની નોંધ લઇ, તે વર્ષોમાં પરમ પૂજ્યશ્રી પ્રમુખસ્વામી મહારાજ સાથે અવારનવાર થતી મુલાકાતોમાં પૂ. સ્વામીશ્રીનો અલભ્ય લાભની સ્મૃતિઓથી હૃદય પુલકિત બને છે.

પછી તો ૨૦૦૮માં મુરબ્બીશ્રી સી.એલ. પટેલ સાહેબનો પ્રેમાગ્રહ, 'દેશમાં આવી જાઓ તો શ્રી બી.એમ.ઠાકરને છૂટા કરીએ', જૂન ૨૦૦૮થી સાહેબ સાથે કામ કરી રહ્યો છું. અગાઉ પ્રિ. આર.પી. પટેલ મંત્રીપદે હતા, તેમની સાથે મંત્રી-ઇન-ચાર્જ તરીકે કામ કર્યું. શ્રી રાવજીભાઇ સાહેબ ખૂબ જ ઠરેલ અને લાંબા સમયના અનુભવી હોવાથી વહીવટી બાબતોમાં ઠીક ઠીક જાણવા મળ્યું.

ગયા એક વર્ષથી ચારુતર વિદ્યામંડળ જેવી એક અતિવિશાળ શૈક્ષણિક સંસ્થા, જેનું સંચાલન પબ્લિક ટ્રસ્ટની જોગવાઇઓ અનુસાર થતું હોય, તેની એક મોટી જવાબદારીભર્યા હોદ્દા ઉપર બીજેવીએમનો એક વિદ્યાર્થી કામ કરી રહ્યો છે. જો કે મારી સાથે બીજેવીએમના બીજા એક વિદ્યાર્થી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ પણ માનદ સહમંત્રી તરીકે સેવાઓ આપે છે તે આપણી બીજેવીએમનું ગૌરવ માનવું જોઇએ.

મારા આ કાર્યમાં ચારુતર વિદ્યામંડળના કારોબારી, કાઉન્સિલના સૌ માનવંતા સભ્યો, કૉલેજોના આચાર્યશ્રીઓ, અધ્યાપકો, ઑફિસ સ્ટાફના સભ્યો અને અમારી ચારુતર વિદ્યામંડળની કેન્દ્રિય ઑફિસના સર્વ સભ્યશ્રીઓ તરફથી સતત અમૂલ્ય સહકાર મળવા બદલ હું સર્વે પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરું છું.

મુ.શ્રી.સી.એલ. પટેલનું માર્ગદર્શન, ત્વરિત નિર્ણયશક્તિ, હૂંફભર્યા ઉદાર વ્યવહારને લઇને તેમને મળવાનું વારંવાર થાય છે. પોતે સંપૂર્ણ માનવતાવાદી છે. તેમનો ઋણસ્વીકાર કરું છું. અંતે આપ સૌ બીજેવીએમાઇટ્સે આટલો મોટો કાર્યક્રમ યોજયો, દૂરદૂરથી આપ સૌ આવ્યાં. તે કોલેજ પ્રતિ અને મારા માટે દાખવેલ સૌજન્યનો હું સદાયનો ઋણી છું, રહીશ.

આ કાર્યક્રમ માટે પ્રિ. એન.એલ. સંઘવીએ છેલ્લા એક મહિનાથી દિવસ-રાત એક કર્યા છે, જમવાનું માંડી વાળ્યું છે. અને સતત આ કાર્યક્રમ માટે જ કામ કર્યું છે. સાથે સાથે આ કાર્યક્રમના કન્વીનર ભાઇશ્રી કિરણ પટેલ (કમ્ફી ફર્નિચર માર્ટવાળા) પોતાનો ધંધો ગૌણ કરીને અને પોતાની અન્ય સામાજિક સેવાઓમાં થોડો સમય કાપ મૂકીને પણ દરેકે દરેક મિટિંગમાં હાજરી અને ફંડ ઉઘરાવવાના ભગીરથ કાર્યમાં કાર્યરત રહ્યા છે. આ ઉપરાંત ભાઇશ્રી કૌશિક દોશી, નૈષદ દેસાઇ, પ્રિ.બી.સી.ગાંધી, પ્રા. એ.કે. ભટ્ટ,પ્રિ. આર.એમ. પટેલ વગેરેના યોગદાનની પણ નોંધ લેતાં આનંદ થાય છે.

(ઘનશ્યામ, ૧૨, રવિ સોસાયટી, એપીસીની બાજુમાં, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, ફોનઃ ૦૨૬૯૨-૨૪૮૮૩૨)

# ખુશવંતસિંહની ચિરવિદાય

**ડંકેશ ઓઝા**

વીસમી માર્ચે ૯૯ વર્ષની ઉંમરે ખુશવંતસિંહ (જન્મઃ ૨-૨-૧૯૧૫) ગયા. મૃત્યુને તેઓ પૂર્ણવિરામ ગણતા હતા. એટલે કે, મૃત્યુ પછીના જીવનમાં માનતા ન હતા. એક સુંદર સામયિકની કામગીરી સાથે ખુશવંતસિંહ પણ જોડાયેલા હતા. આ સદીની શરૂઆતમાં તેઓ વાચકોના પ્રશ્નોના ઉત્તર આપવાની કૉલમ લખતા હતા. વાચક મહોમદ શમશુદ્દીને એમને પ્રશ્ન પૂછેલો કે જ્યારે તમે મૃત્યુ પછી ભગવાન પાસે પહોંચશો ત્યારે ભગવાન કહેશે કે તમને આટલું સારું મગજ આપ્યું અને આટલું સારું શરીર આપ્યું, તેનો તમે જીવનમાં કંઇ સદુપયોગ ન કર્યો. હવે સજા ભોગવો અને નર્કમાં જાવ ત્યારે શું કહેશો? ખુશવંતસિંહે જવાબ આપ્યો છે કે હું અજ્ઞેયવાદી છું. ભગવાનને મળી હોય તેવી કોઇ વ્યક્તિને હું જાણતો નથી. મેં કુરાન, ગીતા અને બાઇબલ ઉપરાંત બીજાં ઘણાં ધર્મશાસ્ત્રો વાંચ્યાં છે. કેટલોક ભાગ સારો છે, કેટલોક નિરાશાજનક. તમે ભગવાનમાં માનતા હો તો જાણી લો કે તમારા ભગવાને જ મને આવો બનાવ્યો છે!

ખુશવંતસિંહ જાણીતા લેખક અને પત્રકાર હતા. મજાના માણસ હતા. જિંદગી મજા કરવા માટે છે એમ માનવાવાળા હતા. લખવાનો ભારે શોખ હતો. લખ્યા વિના તેઓ રહી શકતા ન હતા. તેમનું છેલ્લું પુસ્તક 'ધ ગુડ, ધ બેડ એન્ડ ધ રીડીક્યુલસ' ઑક્ટોબર-૨૦૧૩માં પ્રગટ થયેલું. ત્યાર પછી, કદાચ તેમનું લખવાનું બંધ થયું. તેમનો જન્મદિવસ બીજી ફેબ્રુઆરી. પુત્ર અને પત્રકાર રાહુલસિંહે લખ્યું છે કે છેલ્લી વર્ષગાંઠે લાલકૃષ્ણ આડવાણી ઘરે આવેલા. થોડા અંગત મિત્રો હાજર હતા. બાબરી મસ્જિદ ધ્વંસ વખતે અડવાણીની આકરી ટીકા કરનાર ખુશવંતસિંહના આડવાણી પ્રશંસક હતા. આ વાત પણ બન્ને વ્યક્તિત્વો વિશે ઘણું સૂચવે છે. એ.પી.જે. અબ્દુલ કલામ રાષ્ટ્રપતિ હતા ત્યારે પોતાના પ્રિય લેખક ખુશવંતસિંહને મળવા એમના ઘેર ગયેલા. તેમણે ધાર્યું હોત તો પ્રિય લેખકને રાષ્ટ્રપતિભવનમાં તેડાવી શક્યા હોત. સુજનસિંહ પાર્કમાં તેમનું મકાન હતું. જે ૧૯૪૫માં તેમના પિતાએ બાંધેલું અને દાદાની સ્મૃતિમાં તેનું નામ રાખેલું. તેમના બારણે એક સૂચના લટકતી હતી. 'અગાઉથી સમય ન મેળવ્યો હોય તો મહેરબાની કરીને ઘંટડી વગાડશો જ નહિ.'

થોડા મિત્રો સાથે સાંજે પેગ લગાવીને ગપ્પાં મારવામાં તેમને મજા આવતી. પરંતુ આઠ વાગ્યા નથી કે તેઓ સ્નેહીજનોને અલવિદા ફરમાવી શયનખંડમાં ચાલ્યા જતા. સવારે ચાર વાગે ઊઠતા. ટેબલ ટેનીસ રમતા અને લખવાના લેખો ટાઇપરાઇટર કે કમ્પ્યૂટર વિના જ લખતા. એમાં જ એમને મજા આવતી.

જીવતે જીવ તેઓ દંતકથારૂપ બની ગયા હતા. વિવાદાસ્પદ બની રહેવાનો તેમનો સ્વભાવ હતો. ખરેખર તો તેમના સહજ વર્તનને કારણે વિવાદો પેદા થતા. ૧૯૯૯ના વર્ષમાં પત્રકાર કરણ થાપરે બી.બી.સી. માટે લીધેલી હમણાં પુનઃપ્રસારિત મુલાકાતમાં કહેતા હતા કે માણસ મૃત્યુ પામે એટલે તેના વિશે માત્ર સારું સારું જ બોલવું કે લખવું એવું મેં કદી સ્વીકાર્યું નહિ. તેમના વ્યક્તિત્વમાં જ કંઇક એવું હતું જે દંભનો પર્દાફાશ કરવા લાલાયિત રહેતું. પોતાના ગયા પછી લોકો કેવી રીતે એમને ઓળખે એ બાબતે તેઓ લખી ગયા છે કેઃ 'અહીં એ માણસ સૂતો છે જેણે માણસને કે ભગવાનને કદી છોડ્યો નથી. તેમના વિશે સારું ન ગણાય તેવું લખવામાં એને મજા આવતી. તેને માટે આંસુ સારશો નહિ. ભગવાનનો આભાર માનજો કે આખરે તે પણ મર્યો છે.' જોકે તેમને ઇલેક્ટ્રિક સ્મશાનગૃહમાં લઇ જવાયેલા. ચાલીસથી વધુ પુસ્તકો તેમના નામે છે.તેમણે શરૂઆતમાં વકીલાત કરેલી. આઝાદી પછી લંડન અને કેનેડાના ભારતીય રાજદૂતવાસમાં કામ કરેલું. તે પછી આકાશવાણી અને યુનેસ્કોમાં સેવા આપેલી. આયોજનપંચના સરકારી સામાયિક 'યોજના'ના તથા બે અંગ્રેજી દૈનિકો 'ધ હિન્દુસ્તાન ટાઇમ્સ' અને 'ધ નેશનલ હેરલ્ડ' ના તંત્રી રહેલા. 'ધ ઇલસ્ટ્રેટેડ વીકલી'ના તંત્રી (૧૯૬૯-૭૮) તરીકે તેમને ઘણી લોકપ્રિયતા સાંપડી તે પછી તેઓ સિન્ડિકેટેડ કોલમ લખતા, જે એક સાથે અંગ્રેજી તેમજ પ્રાદેશિક ભાષાઓમાં પ્રગટ થતી. ૧૯૮૦ થી ૧૯૮૬ દરમ્યાન રાજ્યસભામાં તેઓ નિયુક્ત સાંસદ હતા. શીખો અને શીખધર્મ વિશેનાં તેમનાં લખાણો-ગ્રંથો ઘણી પ્રશંસા પામ્યાં છે. પ્રવાસવર્ણનના તેઓ બેતાજ બાદશાહ હતા. ઘણા બધા રાષ્ટ્રિય ઇલકાબો અને સાહિત્યનાં પારિતોષિકોથી તેમને નવાજવામાં આવેલા.

શીખ આતંકવાદ અને ખાલિસ્તાનની ચળવળ વિશે તેમણે ઘણું ટીકાત્મક લખેલું. કટોકટી વિશે અને સંજય ગાંધી તથા મેનકા વિશે શરૂઆતમાં પ્રશંસાત્મક લખેલું. પરંતુ સેન્સરશિપની વાત તેમને પચેલી નહિ. ધર્મમાં ન માનતા હોવા છતાં અમૃતસરના સુવર્ણમંદિર પર 'ઑપેરશન બ્લ્યૂ સ્ટાર'નો અમલ થયો તો તેમણે ૧૯૮૪માં સરકારનો 'પદ્મભૂષણ'નો ઇલકાબ પાછો સોંપેલો. તે પછી પણ ૨૦૦૭માં ભારત સરકારે તેમને 'પદ્મવિભૂષણ'નો ઇલકાબ આપેલો. વડાપ્રધાન ઇન્દિરાજીની શીખ અંગરક્ષકોના હાથે હત્યા થયા પછી દિલ્હીમાં શીખોની જે કત્લેઆમ થઇ તેના તે જબરા ટીકાકાર હતા. ખ્યાલ આવી શકે છે કે જે તે સમયે તેમને જે લાગ્યું તે લખ્યું અને જે કરવા જેવું લાગ્યું તે કરીને જ રહ્યા. એનો અર્થ એ થયો કે ટીકા ભલે થાય, વિવાદ ભલે થાય, પોતાની જાત સાથે તેમણે કદી છેતરપિંડી ન કરી, જે બહુ મોટી વાત છે. આવા લોકો જ કદાચ લાંબું જીવન જીવી શકતા હશે! ગાંધીની એક વાત તેમણે જીવનમાં ઉતારેલી. પ્રત્યેક પત્રનો તે જવાબ આપતા, ભલે ને તે ગાળો ઓકતો કેમ ન હોય!

પત્રકાર તરીકે દેશ-વિદેશના સંખ્યાબંધ મહાનુભાવોને મળવાનું થયેલું અને તેમના વિશે લખવાનું પણ થયેલું. એવી મુલાકાતોમાં પણ તેઓ દંભને શરણે ગયા નથી. પત્રકાર વિનોદ મહેતા તેથી જ અંજલિ આપતાં લખે છે કે જો મારે કોઇ ગુરુ હોય ( કારણ કે વિનોદ પણ ગુરુપરંપરામાં માનતા જ નથી) તો તે ખુશવંતને ગણાવી શકાય. કોઇ ભપકો તે નહોતા ધરાવતા. પોતે કંઇ લાંબુ કે ખોટું લખી નાખ્યું હોય અને નીચેનો પત્રકાર તેમનું ધ્યાન દોરે તો તેઓ તરત છૂટ આપતાઃ 'બદલ દો- કાટ લો.' એક વાર તેમણે મજાકમાં કહેલું કે તંત્રી તરીકે તેમને વિશેષાધિકાર માત્ર એટલો હતો કે પર્સનલ ટૉઇલેટની ચાવી તેમની પાસે રહેતી! લેખક કરતાં પત્રકાર તરીકે જ કદાચ તેઓ ખૂબ જાણીતા થયા. વીકલીમાં હરિપ્રસાદ ચૌરસિયાને બદલે શકીલાબાનો ભોપાલીને તેઓ વધુ ચમકાવતા. આખું જગત 'પાકીઝા' ફિલ્મનાં વખાણ કરે ત્યારે તેઓ લખતાઃ મને 'પાકીઝા'કેમ ગમતી નથી. પરિણામે, એક તબક્કે દૈનિક ટાઇમ્સની નકલના વેચાણ કરતાં તેના સામયિક વિકલીની નકલો વધુ ખપતી. આ જ તંત્રીને, આ જ માલિકોએ, નિવૃત્તિના અઠવાડિયા પૂર્વે, તા. ૨૫-૭-૧૯૭૮ના રોજ તત્કાળ અસરથી કાઢી મૂક્યા! તેઓ પોતાની છત્રી લઇને ચાલી નીકળેલા!

ખુશવંતસિંહના બે મિત્રો વિશે જાણવું રસપ્રદ નીવડશે. એક એ.ડી. ગોરવાલા (તંત્રીઃ ઓપિનિયન). પારસી આઇ.સી.એસ. અધિકારી, જેમના હાથ નીચે આપણા વલ્લભ વિદ્યાનગરના એચ.એમ. પટેલ તૈયાર થયેલા. ખુશવંતસિંહે લખ્યું છે કે હું રોજના ડઝનબંધ અખબારો અને કુડીબંધ સામયિકો ઉથલાવું છું. આટલું બધું વાંચ્યા પછી કયું સાચું, કઇ વાત સાચી તે નક્કી કરવા ગોરવાલાનું 'ઓપિનિયન' વાંચું છું. જાહેરજીવન અને જાહેર મૂલ્યો વિશેનું આ પતાકડું (વાર્ષિક લવાજમ રૂ બે કટોકટીકાળમાં ઝીંક ઝીલી શકેલું.

બીજા તે નીરદ ચૌધરી. આ બંગાળી લેખકે લેખનની શરૂઆત જ આત્મકથાથી કરેલી. Autobiography of an Unknown Indian! અર્પણ કરેલી અંગ્રેજ સરકારને જેમના ભારતમાં આવવાથી દેશનો વિકાસ શક્ય બન્યો. આવું લખીને લેખકે કેન્દ્ર સરકારની નોકરી ગુમાવેલી. 'યોજના'ના તંત્રી તરીકે મિત્ર ખુશવંતસિંહે સરકારને મનાવી લીધી અને નીરદને બેકારીના એ દિવસોમાં લેખ લખવા નિમંત્રણ પાઠવ્યું. નીરદને ભૂખે મરવું પસંદ હતું. તેમણે તરત જવાબ વાળ્યો- 'હું આ સરકાર માટે જિંદગીભર નહીં લખું.' આ ખુદ્દારી લેખકમાં હોવી જોઇએ. એના ખુશવંત પ્રશંસક. આવાં તો તેમનાં કેટલાંય વિરોધાભાસી પાસાં છે. માણસ છે એટલે આવું બધું તો હોવાનું. પરંતુ તે પર ઢાંકપિછોડા ન કરે અને દંભી આચરણને શરણે ન જાય તે ખુશવંત!

શરૂઆતની નવલકથા 'ટ્રેન ટુ પાકિસ્તાન' (૧૯૫૬) તેમની કીર્તિદા નવલકથા બની રહી. તે પછી તેમની ટૂંકીવાર્તાઓ પણ કેટલીક સારી છે. તેના થોડા સંગ્રહો પણ પ્રગટ થયા છે. મને તેમનાં 'દાદીમા' વિશેનું લખાણ ઘણું આકર્ષક લાગ્યું છે, જેનો અનુવાદ દસ-બાર વર્ષ પહેલાં મોહન દાંડીકરની કલમે 'નવનીત સમર્પણ'માં જાન્યુ ૨૦૦૨માં પ્રગટ થયેલો. એક પેરેગ્રાફ તેમના વ્યક્તિત્વને સમજવા ઉપયોગી નીવડે તેવો હોવાથી જોઇએઃ

'તેઓ મને દરરોજ મારી સ્કૂલ સુધી મૂકવા આવતાં. તેનું એક કારણ એ પણ હતું કે મારી સ્કૂલ ગુરુદ્વારાની પડખે જ હતી. ગુરુદ્વારાવાળા ભાઇ (પૂજારી) અમને કક્કો શીખવાડતા અને સવારની પ્રાર્થના પણ

કરાવતા. બાળકો વરંડામાં બંન્ને બાજુ લાઇનમાં બેસીને કક્કો બોલતાં કાં એક રાગે પ્રાર્થના કરતાં. એ દરમ્યાન દાદીમા ગુરુદ્વારાની અંદર બેસીને ધર્મગ્રંથ વાંચ્યા કરતાં. જ્યારે અમે બન્ને અમારા કામમાંથી પરવારતાં ત્યારે સાથે જ પાછાં ઘરે આવતાં.'

Absulate Khushwant (૨૦૧૦) તેમનું આત્મકથનાત્મક પુસ્તક છે જેમાં ગુણવંત શાહના મતે 'નફ્ફટ નિર્ભયતા' પ્રગટતી રહે છે. તે પૂર્વે With Malice towards one and all, Not a Nice man to know (૧૯૯૩) અને Agnostic Khuswant Singh (૨૦૧૨) તેમના વ્યક્તિત્વને સમજવા-જાણવા ઉપયોગી બને તેવાં છે. Why I supported Emergency તેમણે ૨૦૦૯માં લખેલું. તેમની દીકરી માલા પણ પત્રકાર છે. ફિલ્મી અભિનેત્રી અમ્રિતાસિંહ તેમનાં ભાઇ-ભાભી દલજિતસિંહ-રુખસાના સુલતાનાની દીકરી છે.

આખરે આપણે કોઇ વ્યક્તિ કે સર્જકો વિશે શું જાણવા ઇચ્છતાં હોઇએ છીએ? મને લાગે છે કે તેઓ કેમ અને કેવી રીતે આટલું બધું જીવી શક્યા, આટલું બધું લોકપ્રિય લખી શક્યા અને આટલા બધા કેવી રીતે જાણીતા થયા તે જાણવાનું. સફળતાની પાછળ રસ્તો તૈયાર થતો આવતો હોય છે. ઊગતા સૂર્યને પૂજવાનો આપણે ત્યાં તો રિવાજ પણ છે. પરંતુ 'ખુદવફાઇ' એ કદાચ ઊડીને આંખે વળગે એવી અને જચી જાય તેવી એક બાબત આ લેખકના વ્યક્તિત્વમાંથી સ્પર્શી જાય તેવી છે. બીજાની પરવા ન કરો પરંતુ તે સાથે જાતની પરવા ન છોડો. તમારામાં જે 'વિશેષ' (આજે જેને નવી પેઢી યુએસપી કહે છે) પડેલો છે તેને પૂરતો અવકાશ આપો. ખુશવંતસિંહ જે લાખો-કરોડો શબ્દો લખી ગયા તે ટકશે. તેમનું નિરાડંબર વ્યક્તિત્વ, દંભને ચીરતી લેખિની આગળ કહ્યું તેમ તેમના મીથને, વિસ્તારતાં રહેશે. આજે તો તેઓ જીવતી દંતકથારૂપ છે જ.

(૬, સ્વાગત સિટી, મુ.પો. અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર મો:- ૯૭૨૫૦ ૨૮૨૭૪)

॥ પ્રતિભાવ ॥

## વલભીપુરનું નામકરણ

### દેવેન્દ્ર કે. ઓઝા

ભાઇ નરોત્તમ પલાણના પત્ર એપ્રિલ-૨૦૧૪નાં અંકમાં વાંચ્યો. એનો ખુલાસો કરું છું. મારા પિતાશ્રી કેશવલાલ ઓઝાએ ગુજરાતમાં ઘણાં રાજ્યોમાં દિવાનગીરી કરેલી, એમાં અમદાવાદ પાસેનું માણસા પણ ખરું.

વલભીપુરની દીવાનગીરી ૧૯૪૨ થી ૧૯૪૭. પછી સૌરાષ્ટ્રમાં વિલિનીકરણ થયું. (એક નોંધવા જેવી બાબતઃ ૧૯૪૨ની ચળવળ વખતે વલભીપુરના લોકપ્રિય કૉંગ્રેસવાદી પ્રેમચંદભાઇ શાહ ઘરે મળવા આવતા. એમનું સન્માન થતું. હું પોતે ચાની પ્યાલીઓ વગેરે લાવતો. પરોણાગત માટે. બીજું, ૧૯૪૨માં મારાં કેટલાક કુટુંબીજનોએ તેમનાં બાળકોને અમદાવાદ, મુંબઇ વગેરેથી વલભીપુર મોકલી આપેલાં કારણ સ્વાતંત્ર્ય ચળવળ નીચે મોટાં શહેરોની સ્કૂલો બંધ થયેલી. ખેર, મુખ્ય મુદ્દો સમજાવું. વલભીપુર રાજ્યની તિજોરીમાં જૂનાં તામ્રપત્રો ઘણાં-ત્યાંના રાજાઓએ ભૂમિ ઇનામમાં આપેલી તેની સાક્ષીરૂપે. તેમાં જૂના વલભીપુરની જૂની ઇંટો ઘણી. સચવાયેલી પણ સારી રીતે. એ બધું કોઇ પરદેશીઓ અથવા મુંબઇ-અમદાવાદથી માનવંતા મહેમાનો આવે ત્યારે દેખાડતા, બહુ ગૌરવથી. બાપુ ગંભીરસિંહ- હૅરો ઇટનમાં ભણેલા. વ્યક્તિત્વ પ્રભાવશાળી. મહેમાનોને તે પોતે જ બધું દેખાડે. મારી ઉંમર ૧૦ થી ૧૫ વર્ષ બસ. પણ, આવા ઇતિહાસમાં રસ ઊંડો. તે વખતથી ઇતિહાસ મારો માનીતો વિષય છે.

જીવન જીવવાની ખોટી આદતો, સંતુલિત આહાર ન લેવો અને તેવાં બીજાં અનેક કારણોના પરિણામ સ્વરૂપે એલર્જીજન્ય પ્રાણવહ સંસ્થાનની વ્યાધિ જેવાં કે શ્વાસનું પ્રમાણ દિવસે ને દિવસે ખૂબ જ વધી રહ્યું છે જે એક વૈશ્વિક સમસ્યા છે. આનુવંશિકતા એ બાળકોમાં થતાં શ્વાસનું એક મહત્ત્વનું પરિબળ હોવા છતાં શહેરી કરણ, હવા પ્રદૂષણ અને પરોક્ષ ધૂમ્રપાન પણ આ વ્યાધિ માટે જવાબદાર છે. હવા પ્રદૂષણનું ઊંચું પ્રમાણ શ્વાસરોગને વધારનારું છે. ભારતનાં શહેરોમાં

હવાનું પ્રદૂષણ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય માનક કરતાં ખૂબ જ વધારે રહેલું છે. આથી હવા પ્રદૂષણને નિયંત્રણમાં લાવવું એ શ્વાસરોગથી ચિકિત્સા કરવા માટે અત્યંત અગત્યનું છે. હાલમાં પણ શ્વાસની ચિકિત્સા પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે, છતાં પરિસ્થિતિમાં ખાસ સુધારો જોવા મળેલ નથી. શ્વાસ એ વિશ્વની સૌથી મૌટી સ્વાસ્થ્યહર બીમારી છે. આધુનિક ચિકિત્સા મુજબ શ્વાસને કાયમ માટે મટાડી શકાતો નથી. ફક્ત લાક્ષણિક ચિકિત્સાને જ મહત્ત્વ આપવામાં આવે છે, જેની લાંબા ગાળે ગંભીર આડઅસરોને ભોગવવી પડે છે.

ખાસ શરીરરચનાત્મક અને શરીરપ્રક્રિયાત્મક મહત્ત્વતા અને અલ્પ રોગપ્રતિકારક શક્તિને કારણે બાળકોને પ્રાણવહ સ્રોતસનાં વ્યાધિઓ થવાની સંભાવના સૌથી વધુ રહેલી છે. જો શ્વાસની પહેલેથી જ યોગ્ય ચિકિત્સા ન કરવામાં આવે તો તેની ગંભીર અસરો બાળક પર જોવા મળે છે, જેમ કે બાળકના વૃદ્ધિ-વિકાસમાં રૂકાવટ આવવી, શાળાકીય અભ્યાસમાં અવરોધ આવવો તથા શાળામાં ગેરહાજરી રહેવી. શ્વાસ એ બાળક તથા માતા-પિતા એમ બંનેને અતિ ચિંતિત કરનારો વ્યાધિ છે. અન્ય ચિકિત્સાપથીઓમાં શ્વાસની ચિકિત્સામાં મર્યાદા રહેલી છે. ખૂબ જ ઉચ્ચ કક્ષાની એન્ટીબાયોટિક્સ તથા સ્ટીરોઇડનાં ઉપયોગનાં કારણે બાળકની રોગપ્રતિકારક શક્તિમાં ઘટાડો થાય છે.

લક્ષણોની સરખામણી કરતાં શ્વાસ એ આધુનિક વ્યાધિ બ્રોંકીયલ અસ્થમા ગણી શકાય.

આયુર્વેદમાં પાંચ પ્રકારના શ્વાસનું વર્ણન છે. જેમ કે મહાશ્વાસ, ઊર્ધ્વશ્વાસ, છિન્નશ્વાસ, તમકશ્વાસ અને ક્ષુદ્રશ્વાસ. જેમાંથી પ્રથમ ત્રણ મૃત્યુકારક હોઇ અસાધ્ય છે. ક્ષુદ્રશ્વાસ અન્ય શ્વાસની જેમ પીડાકારક ન હોતાં સાધ્ય છે. તમકશ્વાસ કષ્ટસાધ્ય છે. ચિકિત્સામાં મહદંશે તમકશ્વાસનાં દર્દીઓ જ આવતાં હોય છે. શ્વાસરોગમાં વાયુ અને કફ એમ બે દોષો મુખ્ય રીતે જવાબદાર છે. વાત અને કફને વધારનારા દોષોથી શ્વાસરોગની ઉત્પત્તિ થાય છે.

**શ્વાસરોગનાં નિદાનઃ**

શાસ્ત્રોમાં વર્ણિત શ્વાસરોગનાં નિદાન આ મુજબ છે- શ્વાસનમાર્ગમાં ધૂળ કે ધૂમાડાના પ્રવેશથી, ઠંડા પવનથી, ઠંડા સ્થળને કારણે કે ઠંડા પાણીના સેવનથી, વધુ પડતાં વ્યાયામથી, વધુ પડતી મુસાફરીથી, રૂક્ષ (લુખા) ખોરાકના વધુ પડતા સેવનથી, ભોજનની અનિયમિતતાથી, આમદોષને લીધે, કબજીયાતના કારણે, વધુ ઉપવાસ કરવાથી, શરીરની નબળાઇ વધી જવાથી, હૃદય-મસ્તક જેવાં મર્મસ્થાનો પર આઘાત થવાથી, ઠંડા અને ગરમ પદાર્થનાં ક્રમ વગરના સેવનથી, વમન-વિરેચન આદિથી વધુ શુદ્ધિ થવાથી, ખૂબ ઝાડા થવાથી, તાવને લીધે, ઊલટીને લીધે, લાંબા વખત સુધી શરદી થવાથી, છાતીમાં ક્ષત થવાથી, ક્ષય, રક્તપિત્ત, ઉદાવર્ત (જેમાં વાયુ ઉપર ચઢે તે), વિષૂચિકા પાંડુરોગ અને વિષથી શ્વાસ રોગ થાય છે. આ ઉપરાંત અડદ, તલ, તલ તેલ, ચોખાનો લોટ, વાયુકારક, વિદાહી (બળતરા કરનાર), વિષ્ટંભી (વાયુ વધારનાર), દૂધ-ખીચડી જેવા ભારે પદાર્થોનું અતિશય સેવન કરવાથી, ભેજવાળા પ્રદેશનાં પ્રાણીઓનું માંસ ખાવાથી, દહીં, કાચા દૂધનું સેવન કરવાથી, દહીં જેવા અભિષ્યન્દિ પદાર્થોનું સેવન કરવાથી (ચીકણી અને તાંતણાવાળા પદાર્થો ખાવાથી એ સ્રોતસોમાં લેપાઇ જાય છે તે અભિષ્યન્દિ જેમ કે ભેંસનું દૂધ), કફકારક પદાર્થોના સેવનથી, ગળા કે છાતીમાં લાગવાથી, મળ-મૂત્ર-વાયુના વેગોને રોકવાથી શ્વાસરોગ થાય છે. આધુનિક વિજ્ઞાન અનુસાર ધૂળ, તમાકુનો ધૂમાડો, તીવ્ર ગંધ, વાયુ પ્રદૂષણ, વ્યાયામ, ઠંડો-રૂખો પવન, પરાગકણ, એલર્જી, કૂતરા-બિલાડી જેવાં પાલતું પ્રાણીનાં, વિષાણુઓનાં કારણે શ્વાસ થાય છે.

સંવેગાત્મક દૃષ્ટિએ પ્રાયઃ અધીર પ્રકૃતિનાં, ક્ષુબ્ધ તેમજ ચિંતિત રહેનારા તથા અત્યધિક સંવેદનશીલ બાળકો આ રોગથી વધુ ગ્રસિત થાય છે. મા-બાપની અપેક્ષાઓ હંમેશાં બાળકની ક્ષમતા કરતાં વધુ હોય છે. તેમની પોતાની ચિંતાઓ અને ક્ષોભ બાળકને પણ ક્ષુબ્ધ બનાવી દે છે, જે શ્વાસરોગને પેદા કરે છે.

**તમકશ્વાસની ઉત્પત્તિ તથા લક્ષણોઃ-**

ઉપરોક્ત વર્ણવેલાં શ્વાસરોગનાં નિદાનોના સેવનથી વાયુ પ્રકોપ પામી પ્રાણવહ સ્રોતસમાં પ્રવેશ પામે છે અને ત્યાં રહેલા કફને પ્રકુપિત કરીને શ્વાસ રોગને ઉત્પન્ન કરે છે. વાતવર્ધક કારણોતી પ્રકોપ પામેલો વાયુ પ્રતિલોમ ગતિથી ગાળામાં અને મસ્તકમાં આવીને ત્યાં રહેલા કફને વધારીને શરદી ઉત્પન્ન કરે છે. એ રીતે વધેલા કફથી અવરોધાયેલો વાયુ ગાળામાં ધુરધુર

અવાજની સાથે શરીરની પીડા આપનારો તથા તીવ્ર વેગવાળો તમકશ્વાસ ઉત્પન્ન કરે છે. રોગીને જોરથી ખાંસી આવવાને લીધે તે ગ્લાનિયુક્ત તથા નિશ્ચેષ્ટ જેવો થઇ જાય છે. ખાંસતાં ખાંસતાં વારંવાર એને મૂર્છા આવી જાય છે. કફ ન નીકળવાને કારણે રોગીની દુઃખી હાલત થઇ જાય છે. કફ છૂટવાથી થોડો સમય આરામ લાગે છે. ગળામાં ખંજવાળ આવે છે. બોલવામાં કષ્ટ પડે છે. શ્વાસની પીડાને કારણે સૂવા છતાં ઊંઘ નથી આવતી. સૂવાથી પડખામાં વાયુ જકડાઇ જવાથી પીડા થાય છે. બેસવાથી આરામ લાગે છે. ગરમ પદાર્થોથી સારું લાગે છે. શ્વાસના વેગને લીધે આંખો ઉપર ચઢી જાય છે તથા લલાટ પર પરસેવો વળે છે.

વર્ષા, જળ, ઠંડો પવન, પૂર્વનો પવન, કફવર્ધક તથા વાતવર્ધક આહાર-વિહારથી શ્વાસ વધે છે. આધુનિક વિજ્ઞાન મુજબ શ્વાસનાં નિદાનોનાં સેવનથી શ્વાસવાહિનીઓમાં અવરોધ પેદા થાય છે. એલર્જીનાં કારણે શ્વાસવાહિનીઓમાં રહેલાં મૃદુ માંસતંતુઓમાં સંકોચ થાય છે તથા શ્વાસવહિનીઓમાં શ્વેતકણો તથા ઈમ્યુનોગ્લોબ્યુલીન ઇ જેવા કોષોનો ભરાવો થાય છે. સાથે સાથે શ્વાસવાહિનીઓમાં સોજો આવે છે અને તેમાં રહેલી શ્લેષ્મસ્રાવી ગ્રંથીઓમાંથી શ્લેષ્માનો અતિ સ્રાવ થાય છે. આ તમામનાં કારણે શ્વાસકષ્ટતા થાય છે. આ રીતે શ્વાસ રોગો ઉત્પન્ન થાય છે. રોગીને સતત સૂકી ઊધરસ આવવી, ઉચ્છવાસમાં તકલીફ પડવી, ટૂંકા શ્વાસ, છાતી ભીંસાવી, છાતીમાં દુઃખાવો, થાક, નબળાઇ, શરીર નીલ વર્ણનું થવું જેવા લક્ષણો જોવા મળે છે. મોડી રાત્રે તથા વહેલી સવારે લક્ષણો વધી જાય છે તેમ જ કસરત કરવાથી કે વાતાવરણમાં ફેરફાર થવાથી પણ આ તમામ લક્ષણો વધી જાય છે.

**તમકશ્વાસનું નિદાનઃ-**

આયુર્વેદમાં લક્ષણો પરથી રોગનું નિદાન કરવામાં આવે છે. ઍલોપથીમાં લંગ ફંકશન ટેસ્ટ જેવી કે સ્પાયરોમેટ્રી, પીક એક્ષપાયરેટરી ફ્લો મોનિટરીંગ વડે નિદાન કરવામાં આવે છે. જરૂરિયાત મુજબ છાતીનો એકસરે પણ લેવામાં આવે છે.

**ચિકિત્સાઃ-**

તમકશ્વાસ કષ્ટસાધ્ય રોગ છે. એટલે એક વર્ષથી ઓછો સમય થયો હોય અને યોગ્ય ચિકિત્સા કરવામાં આવે તો રોગીને દર્દમુક્ત કરી શકાય છે. ૫ વર્ષ ઉપરનો સમય થઇ ગયા પછી તેને સદાને માટે મૂળમાંથી મટાડી શકાતો નથી. તેવાં દર્દીઓ પથ્યાપથ્યનું પાલન કરે અને ઔષધનું સેવન કરે તો એકંદરે સારું રહે છે. પણ પ્રતિકૂળ કારણો મળતાં તમક શ્વાસનો હુમલો થતાં વાર લાગતી નથી. શ્વાસરોગીએ અતિ કાળજી લેવી પડે છે.

આયુર્વેદમાં કોઇપણ રોગની ચિકિત્સામાં પથ્યાપથ્ય એટલે કે પરેજીનું ખૂબ જ મહત્ત્વ ગણેલું છે. લોલીંબરાજ નામના વિદ્વાને વૈદ્યજીવન નામના ગ્રંથમાં કહ્યું છે કે જે પથ્ય પાલન નથી કરતો તેને ઔષધની શી જરૂર? અને જે પથ્યનું પાલન કરે છે તેને ઔષધની શી જરૂર? અર્થાત્ જે રોગી પરેજી ન પાળે તેના માટે તમામ ઔષધો વ્યર્થ નીવડે છે અને જે રોગી પરેજી પાળે છે તેને બહુ ઓછા ઔષધથી જ રોગને દૂર કરી શકાય છે. શ્વાસને કરનારાં તમામ નિદાનોનો ત્યાગ કરવો જોઇએ.

**કફનાશક આહાર-વિહારઃ-**

મધુર અને દૂધ, ખીચડી, મીઠાઇ, અડદ, દહીં, શીંગદાણા જેવા ભારે પદાર્થો કફ કરે છે.વાયુ વહન કરનારાં સ્રોતોમાં કફ જમા થવા માંડે છે. આથી આવી વસ્તુઓને ન લેવી જોઇએ. ઠંડો ખોરાક, ફ્રીઝ કે માટલાનું ઠંડું પાણી એ કફ અને વાયુ વધારનારાં હોય તેને ગ્રહણ ન કરવાં જોઇએ. ગરમ પદાર્થોનું સેવન કરવું જોઇએ. બપોરે જમીને સૂઇ જવું એ કફ વધારનાર હોવાથી બપોરની ઊંઘનો ત્યાગ કરવો જોઇએ.

**વાયુનાશક આહાર-વિહારઃ-**

વાયુ સ્વભાવે ઠંડો હોવાથી ગરમ પદાર્થોથી લાભ થાય છે. શ્વાસનાં રોગી એ ઠંડા પાણીથી નહાવું નહીં. ચણા, વાલ, વટાણા જેવાં કઠોળ અને ચોળા, વાલ, ગવાર, વટાણા, વાલોળ જેવાં શાકભાજી કે જે વાયુકારક છે તેનો ઓછો ઉપયોગ કરવો. વધારે પડતી કસરત, કામ તથા રાતના ઉજાગરા એ વાતવર્ધક હોવાથી તેનો ત્યાગકરવો જોઇએ. શિયાળામાં પ્રાકૃતિક રીતે જ વાયુનો વધારો થતો હોવાથી શ્વાસના હુમલા વધી જાય છે. મમરા, પૌઆ, ચણા જેવા રૂક્ષ (લૂખા) પદાર્થોનું અત્યલ્પ માત્રમાં સેવન કરવું જોઇએ.

બરાબર મળશુદ્ધિ ન થવાથી નીચેના માર્ગમાં

મળાવરોધ થવાને કારણે વાયુપ્રતિલોમ થવાથી ઉપર ચઢે છે અને શ્વાસ કરે છે. તેથી દર્દીને કબજીયાત ન રહે તે માટે હરડે-સૂંઠનું સેવન કરવું જોઇએ.

ભેંસનું દૂધ અને દહીં ખૂબ જ ભારે છે. શ્વાસમાં પાચનશક્તિ નબળી હોવાથી આવા ભારે પદાર્થોનું સેવન ન કરવું જોઇએ.

દૂધ અને ખીચડી, દૂધ અને દહીં (ફેંદરૂ) તથા દૂધ અને કોઇપણ ફળની સાથે (જેમ કે ફ્રૂટસલાડ, મિલ્ક શેઇક) સેવન કરવાથી વિરુદ્ધાહાર બને છે જે મંદાગ્નિ કરી વાત-પિત્ત-કફ એમ ત્રિદોષનો પ્રકોપ કરીને શ્વાસને વધુ પ્રબળ બનાવે છે.

શ્વાસનાં રોગીબાળકને આરામ આપવો. પૂરતા પ્રમાણમાં શુદ્ધ હવા મળી રહે તથા તડકો આવે તેવી જગ્યાએ બાળકને રાખવું. સરસિયા તેલમાં થોડું સૈંધવ લવણ (ફરાળી મીઠું) નાખી તેને ગરમ કરી ગળાથી છાતી પર નીચેની પાંસળી સુધી ઉપરથી નીચે માલીશ કરવી. તે જ રીતે પીઠ પર માલીશ ભરી તેનાથી છાતી તથા પીઠ પર શેક કરવો. આ રીતે માલીશ અને શેક દિવસમાં બેવાર કરવો.

શ્વાસનો હુમલો થાય ત્યારે રોગીને સૂંઠ અથવા પંચકોલ (લીંડીપીપર, પીપરીમૂળનાં ગંઠોડાં, ચવ્ય, ચિત્રક, સૂંઠ) નાખીને ઉકાળીને સિદ્ધ કરેલું નવશેકું પાણી થોડી માત્રામાં આપતાં રહેવું, જેથી કફ આરામથી છૂટો પડી જાય અને શ્વાસમાં રાહત થાય. રોગીને શ્વાસનાં હુમલા વખતે જો ભૂખ લાગે તો મગનું પાણી, બાફેલા મગ, ભાત જેવો હલકો ખોરાક જ આપવો. લોટમાંથી બનેલા રોટલી, રોટલા, ખાખરા તથા કેળા જેવા ભારે ખોરાક આપવાનો આગ્રહ ન રાખવો. હલકો ખોરાક આપવાથી ખોરાક આરામથી પચી જાય છે અને જઠરાગ્નિને વધુ મંદ કરતો નથી તથા રોગીને જલદી સ્વસ્થ થવામાં મદદરૂપ થાય છે. રોગી સ્વસ્થ થયા પછી ક્રમશઃ ધીમે ધીમે બધો ખોરાક આપવો.

**શ્વાસમાં નીચેનામાંથી કોઇપણ ઔષધનો ઉપયોગઃ**

૧. બહેડાના ચૂર્ણને મધ સાથે ચાટવું.

૨. કોળાના ચૂર્ણને ગરમ પાણી સાથે સેવન કરતાં શ્વાસમાં રાહત થાય છે.

૩. લીંડીપીપર અને સિંધાલૂણને આદુના રસ સાથે રાત્રે સૂતી વખતે લેતાં શ્વાસમાં લાભ થાય છે.

૪. શુદ્ધ ગંધક અને કાળા મરીને ગાયના ઘી સાથે ગ્રહણ કરતાં ફાયદો થાય છે.

૫. આદુના રસને મધ સાથે ચાટવું.

૬. તાલિસાદિ ચૂર્ણ-મધ સાથે ચાટવું.

૭. સિતોપલાદિ ચૂર્ણ-મધ સાથે ચાટવું.

૮. બાલચાતુર્ભદ્ર ચૂર્ણ-મધ સાથે ચાટવું.

મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ બાળકની શારીરિક અને માનસિક ક્ષમતાઓ અનુસાર જ તેમનાથી અપેક્ષા રાખવી જોઇએ. તેમની રુચિનો ખ્યાલ રાખવો જોઇએ. તેમની ઇચ્છાઓ વિરુદ્ધ મા-બાપે પોતાની ઇચ્છાઓ તેનાં પર ન લાદવી જોઇએ. ક્ષોભ અને ચિંતા ઉત્પન્ન કરનારી પરિસ્થિતિઓથી તેમની રક્ષા કરવી જોઇએ.

શોધન ચિકિત્સામાં વિરેચન એ શ્વાસમાં વધુ લાભદાયી નીવડે છે. યોગ્ય પંચકર્મ ચિકિત્સકની દેખરેખ હેઠળ વિરેચન કરાવી શકાય.

ઉપરોક્ત વર્ણવેલા ઔષધયોગોનું સેવન રોગીએ યોગ્ય આર્યુવેદ ચિકિત્સક પાસે પોતાની પ્રકૃતિ, બલ, રોગનું બલ જાણ્યા બાદ કરવું જોઇએ, જેથી મહત્તમ ફાયદો મેળવી શકાય.

([૧] લેકચરર, કૌમારભૃત્ય વિભાગ, [૨] ડીન એન્ડ. સુપ્રિન્ટેન્ડેન્ટ, જી.જે. પટેલ આયુર્વેદ કોલેજ, ન્યૂ વલ્લભ વિદ્યાનગર, જિ. આણંદ ફોનઃ- ૦૨૬૯૨-૨૩૫૦૧)

## શૃંગારપ્રિય સૂત્રકાલીન સ્ત્રી

**પારુલટીના દોશી**

નાજુક નાર્ય ને ઘરેણાં ભારી, કાલી બોલીને ચાલ ચમકાળી...

આ પંક્તિ લોકગીતની છે, પણ સૂત્રકાલીન સ્ત્રી માટે જ જાણે રચાઇ હોય તેવું લાગે છે.સૂત્રકાળની સ્ત્રી નાજુક હતી પણ ઘરેણાંનો ઠાઠમાઠ કરતી. ઉપરાંત કાલી બોલી ને ચમકાળી ચાલથી સહુના આકર્ષણનું કેન્દ્ર બની જતી હતી!

સૂત્રકાળની સ્ત્રી શૃંગારપ્રિયા હતી. સોના, મોતી, હીરા અને મણિનાં અલંકારો ધારણ કરતી. અવનવાં ઘરેણાંથી તે અંગ અંગને શણગારતી. આ સંદર્ભમાં 'વૈદિક યુગ કે ભારતીય આભૂષણ'માં ડૉ. રાયગોવિન્દ ચન્દ્રએ નોધ્યું છે કે, 'એ કાળની સ્ત્રીઓ મસ્તક પર કુરીર નામનું ઘરેણું પહેરતી. ઉપરાંત જાળ નામનું આભૂષણ પણ મસ્તકને શોભાવતું. જાળ મોતીનું બનતું. સ્ત્રીઓ હાથમાં પ્રતિસર નામનું કડું પહેરતી. આ કડાની રચના એ પ્રકારની હતી કે તેનું મોં એકબીજા પર ચડેલું રહે. એ સિવાય કેડે કંદોરા જેવું કિંકિણિ નામનું આભૂષણ ઝુલતું.'[૧]

આભૂષણોથી સ્ત્રીસોંદર્ય ઝળાંહળાં થતું. કંઠમાં માળા ને કાનમાં કુંડળ. એ વિશે 'કલ્પસૂત્રકાલિક ભારત'માં ડૉ. નંદકિશોર પાંડેયે લખ્યું છે કે, 'કુંડળ સોનાના બનતા. આકાર ગોળ. કુંડળમાં મણિ પણ જડવામાં આવતું. આવું અભિજડિત કુંડળ મણિ કુઝઉલ કહેવાતું. તેનું બીજું નામ કર્ણવેષ્ટક. કુપુલ પણ કહેવાય. તેમાંથી જ રૂપાંતર થઇને કર્ણફૂલ કે કાનની વાળી બની છે. એ જ રીતે પ્રવર્ત પણ કાનનું આભૂષણ હતું. તે સોનાનું બનતું. કુંડળનું નાનું રૂપ હતું.'[૨]

કાનનાં આભરણની જેમ કંઠના અલંકારોમાં પણ વિવિધતા હતી. સૂત્રકાલીન સ્ત્રીઓ ગળામાં નિષ્ઠ કે સિક્કાની માળા, સોનાની માળા કે મણિની માળા પહેરતી. ઉપરાંત વાદણમણિ નામનું અલંકાર પણ કંઠનું આભરણ હતું. તેને સોનામાં જડીને, સૂત્રમાં ગૂંથીને કંઠમાં ધારણ કરવામાં આવતું. એ જ રીતે આંગળીમાં અંગુલીયક નામનું આભૂષણ પહેરવામાં આવતું. તે એક પ્રકારની વીંટી હતી. સોનાની બનતી.[૩]

સૂત્રકાલીન સ્ત્રીઓ આભૂષણોથી અંગ અંગ સજાવતી. ખાસ કરીને નવવધૂ. હિરણ્યકેશી ગૃહસૂત્ર અને ગોભિલ ગૃહાસૂત્રમાં આભૂષણોથી સુસજ્જિત નવવધૂનું વર્ણન જોવા મળે છે. એક ઉલ્લેખ મુજબ વધૂ સ્નાન કરીને, સ્વચ્છ વસ્ત્ર ધારણ કરીને અને અલંકારોથી સુસજ્જિત થઇને પતિની પાસે જતી. તે ફૂલોનો શણગાર પણ કરતી. ગોપિલ ગૃહસૂત્રમાં શાલ્મલીનાં ફૂલોથી શૃંગાર કરીને નૌકામાં જતી વધૂનું નિરૂપણ કરાયું છે.[૪]

સ્ત્રી પોતાનું સૌંદર્ય નિખારવા જાતજાતના ઉપાયો કરતી. આભૂષણો ધારણ કરતી ને પ્રસાધન પણ કરતી. માંગલિક અવસરે વિવિધ પ્રકારનાં અંજનનો પ્રયોગ કરતી. એ કાળમાં અંજન આજન તરીકે જાણીતું હતું. અંજનપાત્રને આજનકોશ કહેતા. અંજન કરવા માટે શલાકાનો ઉપયોગ થતો. વિવાહવિધિમાં વરવધૂ પરસ્પર એકમેકની આંખમાં અંજન આંજતા. ઉપરાંત શુભપ્રસંગે ચંદનના લેપથી સૌંદર્યમાં સુગંધ[૫] ભેળવવામાં આવતી.

સૂત્રયુગમાં પ્રસાધનની સાથે જ પરિધાનનું પણ મહત્ત્વ હતું. વસ્ત્રોમાં વૈવિધ્ય હતું.

ડૉ. પાંડેયની નોંધ પ્રમાણે, 'વસ્ત્ર બે પ્રકારનાં હતાં. સ્યૂત કે સીંવેલાં અને અસ્યૂત કે સીવ્યા વગરનાં.' ચીરનામનું વસ્ત્ર સીવ્યા વિના જ પહેરાતું. ચીર નાના ટુકડાઓનું બનતું. તેનો ઉપયોગ વાનપ્રસ્થાશ્રમમાં થતો. લંગોટા તરીકે પણ ઓળખાતું. ઉપરાંત ઘાસમાંથી બનેલાં કુશકાવનાં, મૃગચર્મ અને વલ્કલ જેવાં વસ્ત્રો પહેરવામાં આવતાં. આ વસ્ત્રો સીવ્યા વગરનાં હતાં. એ સમયમાં વસ્ત્રને વસનમ કહેતા. તે કપાસ, રેશમ, શણ અને ઊનનાં પણ બનતાં. ઉની વસ્ત્રો ઉર્ણાવસ્ત્ર કે ઔર્ણવસ્ત્ર કહેવાતા. એજ રીતે કપાસના કાર્પાસવસ્ત્ર, રેશમના ક્ષૌભવસ્ત્ર અને શણના શાણવસ્ત્ર. વસ્ત્રનિર્માણની પ્રક્રિયા

પૂર્ણ વિકસિત થઇ હોવા છતાં તે યુગમાં વણસીવેલાં વસ્ત્રોનું અધિક પ્રચલન હતું.'[૬]

સૂત્રકાલીન વસ્ત્રોમાં ઘણી વિવિધતા હતી. લોકોમાં જોડી પહેરવાની પ્રથા હતી. અધોવસ્ત્ર અને ઉત્તરીવસ્ત્ર, કમરથી નીચે સુધી પહેરવાનું અન્તરીય કે અધોવસ્ત્ર, કટિની ઉપરનું ઉત્તરીય. ધોતી અને સાડી અન્તરીય વસ્ત્ર હતાં. ચાદર અને ગમછા ઉત્તરીય. રોજ ધોવતી એટલે ધોતી કહેવાઇ. સાથે માથે પાઘડી. તે ઉષ્ણીય કહેવાતી. સ્ત્રીઓ કંચુકી પણ પહેરતી. ડૉ. પાંડેયે નોંધ્યું છે કે, 'લોકો પરિધાનનાં એટલાં શોખીન હતાં કે જુદા જુદા સમયે અલગ પ્રકારનાં વસ્ત્રો પહેરતાં-યાત્રા માટેના વસ્ત્રને માર્ગવાસઃ કહેતાં. એ જ રીતે પૂજન માટે અલગ વસ્ત્ર રાખતા. ભોજનકાળ માટેનું વસ્ત્ર પણ જુદું.'[૭]

સૂત્રકાળના લોકોના વસ્ત્રપરિધાનના આ શોખને પગલે જ કદાચ પેલી કહેવત ઉદ્‌ભવી હશેઃ લાખ નૂર આદમી ને કરોડ નૂર નખરાં!

**સંદર્ભોઃ**


૧. વૈદિક યુગ કે ભારતીય આભૂષણ, ડૉ. રાયગોવિન્દ ચન્દ્ર, પૃ. ૮૬, ૯૩, ૯૪.

૨. કલ્પસૂત્રકાલિક ભારત, ડૉ. નંદકિશોર પાંડેય, પૃ. ૮૯.

૩. એજન, પૃ. ૯૦.

૪. વૈદિક યુગ કે ભારતીય આભૂષણ, પૃ. ૭૯.

૫. કલ્પસૂત્રકાલિક ભારત, પૃ. ૯૧.

૬. એજન પૃ. ૮૫.

૭. એજન, પૃ. ૮૬.


(ક્રમશઃ)


(સીવીએમ બંગલો-૧૧,ગો.જો. શારદામંદિર સામે, ભાઇકાકા સ્ટેચ્યૂ પાસે, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦,મોઃ ૯૮૯૮૦૭૦૨૦૫)




## ૨૦૧૪ની વિન્ટર ઑલિમ્પિક ગેમ્સ


**પી.ડી. શર્મા**


- હાલમાં જ ૭ ફેબ્રુઆરીના રોજ રશિયામાં સોચી મુકામે ૨૨મી વિન્ટર ઓલેમ્પિક ગેમ્સનું ભવ્ય રંગારંગ ઉદ્‌ઘાટન રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુટિન દ્વારા ૪૦,૦૦૦ થી વધુ પ્રેક્ષકોની હાજરીમાં કરવામાં આવ્યું હતું. આતશબાજીના ઝગમગાટ અને કલાકારોનાં આશ્ચર્યજનક કરતબોએ દર્શકોનું મન મોહી લીધું હતું.

- વિન્ટર ઑલિમ્પિક ગેમ્સમાં ફક્ત બરફનાં મેદાનો પરયય રમતોનો જ સમાવેશ કરવામાં આવે છે. આ વખતે ૮૮ દેશોના ૨૯૦૦ જેટલા ખેલાડીઓએ ૧૫ રમતોની ૯૮ ઇવેન્ટોમાં ભાગ લીધો હતો. પૃથ્વી પર ઘણા દેશો ઠંડા વિસ્તારમાં આવેલા છે, જ્યાં મોટા ભાગે જમીનને બદલે બરફ જ જોવા મળતો હોય છે. આવા દેશોમાં બરફ પર રમાતી વિવિધ રમતો જેવી કે સ્કેટિંગ, આઇસ હોકી, સ્કિઇંગ, લુગ, બાયથ્લોન, બોબસ્લેજ, ફિંગર સ્કેટિંગ વગેરેનો વિન્ટર ઑલેમ્પિક્સમાં સમાવેશ કરવામાં આવે છે.

- વિન્ટર ઑલિમ્પિક ગેમ્સનું આયોજન દર ચાર વર્ષે આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ દ્વારા કરવામાં આવે છે. હાલમાં આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિના પ્રમુખ જર્મનીના થોમસ બાચ છે. વિન્ટર ઓલિમ્પિક ગેમ્સની શરૂઆત ૧૯૨૪માં ફ્રાન્સમાં ચેમોનિક્ષ મુકામે કરવામાં આવી હતી. ૧૯૨૪ થી ૧૯૯૨ સુધી બન્ને ઓલિમ્પિક્સ એટલે કે સમર ઓલિમ્પિક અને વિન્ટર ઓલિમ્પિક એક જ વર્ષ દરમ્યાન યોજાતા હોવાથી બન્નેની ગરિમા અને પ્રતિષ્ઠા સચવાતી ન હતી. તેથી બન્ને ઓલિમ્પિક્ને જુદા પાડવા માટે અપવાદરૂપે બે વર્ષના ગાળા પછી એટલે કે ૧૯૯૪માં વિન્ટર ઓલિમ્પિક્નું આયોજન નોર્વેમાં લિલિહેમર મુકામે કરવામાં આવ્યું હતું. ત્યારબાદ દર ચાર વર્ષે વિન્ટર ઓલિમ્પિક્નું આયોજન વિશ્વના કોઇ પણ દેશમાં થાય છે. આ રીતે ૧૯૯૪થી આ બન્ને ઓલિમ્પિક્નું આયોજન વિશ્વના કોઇ પણ દેશમાં થાય છે. આ રીતે ૧૯૯૪ થી આ બન્ને ઓલિમ્પિક્સ જુદા પડી ગઇ છે અને બન્ને વચ્ચે

બે વર્ષનો ગાળો રહે છે. આ રીતે અત્યારે બન્ને ઓલિમ્પિક્સની ગરિમા સચવાય છે તેમ જ સારી રીતે આયોજન પણ કરી શકાય છે. વર્ષ ૧૯૪૦ અને ૧૯૪૪માં દ્વિતીય વિશ્વયુદ્ધને કારણે સમર ઓલિમ્પિક્સ તેમ જ વિન્ટર ઓલિમ્પિક્સ આયોજિત કરવામાં આવી ન હતી.

- આ વખતે ભારત તરફથી પણ ખેલાડીઓ શિવા કેશવન, હિમાંશુ ઠાકુર તથા નદીમ ઇકબાલે ભાગ લીધો હતો. જેમાં શિવા કેશવન સૌથી સિનિયર ખેલાડી હતા, જેઓએ પાંચમી વખત વિન્ટર ઓલિમ્પિક ગેમ્સમાં ભાગ લીધો હતો. આ વર્ષે ઉદ્ઘાટનના દિવસે ઇન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન પર પ્રતિબંધ હોવાથી આ ત્રણ ખેલાડીઓએ ભારતીય ધ્વજની જગ્યાએ ઓલિમ્પિક ધ્વજના નેજા હેઠળ સ્વતંત્ર ખેલાડીઓ તરીકે ભાગ લીધો હતો. પરંતુ ૯ ફેબ્રુઆરીના રોજ આંતરરાષ્ટ્રી ઓલિમ્પિક સમિતિના નિયમાનુસાર ઇન્ડિયન ઓલિમ્પિક એસોસિએશનની ચૂંટણીને માન્ય રાખી પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો હતો. તેથી ત્યારબાદ ભારતના ખેલાડીઓ ભારતીય ધ્વજના નેજા હેઠળ ભાગ લઇ શક્યા હતા.
- શરૂઆતમાં આ સોચી ઓલિમ્પિક માટેનું બજેટ માત્ર ૨૧ અબજ અમેરિકન ડૉલર રાખવામાં આવ્યું હતું. પરંતુ ત્યારબાદ માળખાગત સુવિધાઓની સાથે સાથે આતંકવાદીઓથી બચાવવા માટે પણ વિશેષ કાળજી લેવામાં આવી હતી અને આ રીતે સોચી ઓલિમ્પિકના આયોજન પાછળ ૫૧ અબજ ડોલરથી વધુ ખર્ચ કરવાની રશિયન સરકારને ફરજ પડી હતી.
- આ વર્ષે ભારતના શિવા કેશવને લગુ રમતમાં, નદીમ ઇકબાલે ૧૫ કિલોમીટર ક્રોસકંટ્રી સ્કિઇંગમાં તથા હિમાંશુ ઠાકુરે એલ્પાઇન સ્કિઇંગમાં ભાગ લીધો હતો. પરંતુ આ ત્રણેય ખેલાડીઓ કોઇ વિશેષ દેખાવ કરી શક્યા ન હતા. ઘણાં કારણોમાંથી એક કારણ એ પણ છે કે ભારતમાં બરફનાં મેદાન પર રમાય તેવું વાતાવરણ જ નથી. ભારતના ખેલાડીઓ વિન્ટર ઓલિમ્પિકસમાં ભાગ લેતા હોય છે તે પણ એક નોંધપાત્ર બાબત ગણાય.
- ઇન્ડિયન ઓલિમ્પિક એસોસિએશનના નવા પ્રમુખ શ્રી એન. રામચંદ્રને સોચીના વિન્ટર ઓલિમ્પિક વિલેજની મુલાકાત લીધી હતી તેથી ભારતના ખેલાડીઓ ખૂબ જ ઉત્સાહિત થયા હતા. શ્રી એન. રામચંદ્રની હાજરીમાં ઓલિમ્પિક વિલેજમાં વિધિસર તિરંગો લહેરાવવામાં આવ્યો હતો તથા ભારતનું રાષ્ટ્રગીત પણ વગાડવામાં આવ્યું હતું. આ રીતે ભારતીય ખેલાડીઓએ તિરંગાની આગેવાનીમાં સમાપન સમારંભમાં ભાગ લીધો હતો. વિન્ટર ઓલિમ્પિક વિલેજમાં ૪૫ મિનિટના ખાસ સમારંભને કારણે ભારતીય ખેલાડીઓએ ગૌરવ અને સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.
- આ વર્ષે સોચી ઓલિમ્પિક્સમાં નોર્વેના ૪૦ વર્ષ ઓલેએનાર જોર્ન ડલેને મિક્સ બાયથ્લોના રીલેમાં ૧૩મો મેડલ જીતીને વિન્ટર ઓલોમ્પિક્સમાં ઇતિહાસ રચ્યો હતો.
- સોચી ઓલિમ્પિક્સમાં કેનેડાની ટીમે આઇસ હોકીમાં સ્વીડનની ટીમને ૩-૦ ગોલથી હરાવીને ચેમ્પ્યિનશિપ જાળવી રાખી હતી.
- ૨૩ ફેબ્રુઆરીના રોજ ખૂબ જ ભવ્ય રીતે, ૨૨મી વિન્ટર ઓલિમ્પિક્સનું સમાપન કરવામાં આવ્યું હતું. યજમાન દેશ તરીકે રશિયાએ ૧૩ ગોલ્ડ મેડલ જીતીને ટોચનું સ્થાન મેળવ્યું હતું. નોર્વે ૧૧ ગોલ્ડ મેડલ તથા કેનેડા ૧૦ ગોલ્ડ મેડલ સાથે બીજા અને ત્રીજા ક્રમે રહ્યા હતા. જ્યારે અમેરિકા ૯ ગોલ્ડ મેડલ સાથે ચોથા ક્રમે તથા હૉલેન્ડ ૮ ગોલ્ડ મેડલ સાથે પાંચમાં ક્રમે રહ્યું હતું. આ રીતે આ વર્ષે વિન્ટર ઓલિમ્પિક્સમાં રશિયાએ ફક્ત સફળ આયોજન જ નહીં, પરંતુ સર્વશ્રેષ્ઠ દેખાવ પણ કર્યો હતો.
- આગામી ૨૩મા વિન્ટર ઓલિમ્પિક્સનું આયોજન વર્ષ ૨૦૧૮માં દક્ષિણ કોરિયામાં પ્યોંગચેંગ મુકામે થશે.
- અંતે, ૨૨મી વિન્ટર ઓલિમ્પિક્સનું ભવ્ય આયોજન કરવા બદલ રશિયાની સરકાર તથા બધા જ આયોજકો અભિનંદનના પાત્ર છે.

(બી-૧, સ્વિસ અવેન્યૂ, પટેલ કોલોની, માણેકબાગ હોલ સામે, આંબાવાડી, અમદાવાદ- ૩૮૦૦૧૫ ફોનઃ ૦૭૯-૨૬૫૬૪૬૫૦ મોઃ- ૯૮૯૮૮૭૦૮૪૦)

## પ્રિ.શનુભાઈ પટેલના અમૃતપર્વની ઉજવણી

ચારુતર વિદ્યામંડળ(સીવીએમ)ના માનદ મંત્રી અને ભીખાભાઈ જીવાભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય (બીજેવીએમ)ના નિવૃત્ત આચાર્ય પ્રિ.શનુભાઈ પટેલ સાર્થક જીવનનાં ૭૫ વર્ષ પૂર્ણ કરતા હોઈ સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની અધ્યક્ષતામાં બીજેવીએમના પૂર્વ વિદ્યાર્થીઓના સંગઠને ગુરુવંદના રૂપે અમૃત-સન્માનનો ભવ્ય સમારંભ બીવીએમ ઑડિટોરિયમમાં યોજયો હતો. ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.પટેલ બે મહિના માટે વિદેશ પ્રવાસે રવાના થઈ રહ્યા હોવાથી આ જ સમારંભમાં આગામી ૧૦ એપ્રિલે તેઓ ૮૦મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા હોવા નિમિત્તે પૂ.જશભાઈ સાહેબને હસ્તે તેમને શાલ ઓઢાડીને જન્મદિવસની આગોતરી શુભેચ્છા પાઠવી હતી.

સમગ્ર દેશભરમાંથી પધારેલા બીજેવીએમનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની પાંચ પેઢીની ઉપસ્થિતિમાં ગુરુનામ ગુરુ પ્રિ.શનુભાઈ પટેલને અમૃતકુંભ અને સન્માનપત્ર અર્પણ કરીને તેમને અમૃત મહોત્સવની શુભેચ્છા પાઠવવાની સાથે જ છેલ્લા એક મહિનામાં આ નિમિત્તે સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલના રૂા.એક લાખના યોગદાન સહિત પૂર્વ વિદ્યાર્થીઓ અને શુભેચ્છકો તરફથી એકઠા થયેલા રૂા.૨૬ લાખની રકમને દોઢ કરોડ રૂપિયા સુધી પહોંચાડવામાં આવે ત્યારે પ્રિ.શનુભાઈ પટેલના નામે નવી સંસ્થાનું નામાભિધાન કરવાની જાહેરાત ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે કરી હતી. આ પ્રસંગે પ્રિ.શનુભાઈનાં અમેરિકાનિવાસી સંતાનોની ઉપસ્થિતિમાં તેમણે માતબર રકમનો ચેક આપવા રજૂ કર્યો હતો પરંતુ અધ્યક્ષ ડૉ.પટેલે એનો સવિનય ઈનકાર કર્યાનું કાર્યક્રમના સૂત્રધાર અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સંગઠનના સંસ્થાપક પ્રમુખ પ્રિ.એન.એલ.સંઘવીએ જાહેર કર્યું હતું.

સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલા સમારંભમાં સન્માનમૂર્તિ પ્રિ.શનુભાઈ પટેલ, આયોજન સમિતિના કન્વીનર શ્રી કિરણ પટેલ(કન્ફી) તથા બીજેવીએમના આચાર્ય પ્રિ.આર.એમ.પટેલ તેમ જ પ્રિ.સંઘવી મંચસ્થ હતા. સમારંભમાં ચારુતર વિદ્યામંડળના ટ્રસ્ટી અને શ્રી રામકૃષ્ણ સેવામંડળના પ્રમુખ શ્રી હેમન્તભાઈ પટેલ, ચરોતર એજ્યુકેશન સોસાયટીના મંત્રીશ્રી કેતનભાઈ પટેલ, આણંદ નગરપાલિકાના પ્રમુખ શ્રી પ્રજ્ઞેશ(ભયલુ) પટેલ, વલ્લભ વિદ્યાનગર પાલિકાના ઉપપ્રમુખ શ્રી જિતુભાઈ પટેલ, સીવીએમના માનદ કાર્યકારી મંત્રી ડૉ.જે.ડી.પટેલ, માનદ સહમંત્રીઓ શ્રી વી.એમ.પટેલ, શ્રી બી.પી.પટેલ, ડૉ.એસ.જી.પટેલ, શ્રી એમ.જે.પટેલ અને પ્રિ.આર.સી.દેસાઈ, ડૉ.વી.એસ.પટેલ, દાતા શ્રી વાસંતીબહેન પટેલ અને શ્રી શાંતિભાઈ પટેલ, નયા પડકારના અધિપતિ અને બીજેવીએમના પૂર્વ વિદ્યાર્થી શ્રી દીપકભાઈ પટેલ, ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ ધારાશાસ્ત્રી શ્રી ધવલભાઈ દવે, મુંબઈના જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી દિવ્યાંગ કાપડિયા, ડૉ.આર.પી.પટેલ, શ્રી નિકાભાઈ પટેલ, શ્રીમતી વિનોદિનીબહેન પટેલ, વિવિધ કોલેજોના આચાર્યો, અધ્યાપકો વગેરે મહાનુભાવો ઉપસ્થિત હતાં. કાર્યક્રમનું સંચાલન પ્રા.એચ.ડી.પટેલ અને ડૉ.રૂપલ પટેલે કર્યું હતું. આ પ્રસંગે બીજેવીએમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની બહોળી હાજરીમાં એકદિવસીય સંમેલનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. તેમ જ પ્રિ.શનુભાઈ પટેલનાં સંસ્મરણોની એક પુસ્તિકા ‘જીવન સાર્થક્ય’નું મહાનુભાવોને હસ્તે લોકાર્પણ થયું હતું.

સન્માનનો ઉત્તર વાળતાં પ્રિ.શનુભાઈ પટેલે કહ્યું હતું કે હું સંતોષી જીવ છું અને મને આવું સન્માન મળે એ બદલ મારા ગુરુ પ્રમુખસ્વામી મહારાજ, સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ, મારા સાથી અધ્યાપકો અને વિદ્યાર્થીઓનો હું આભાર માનું છું. મને તૈયાર કરવામાં મારા વિદ્યાર્થી દિવ્યાંગ કાપડિયા જેવાઓનો સવિશેષ ઉલ્લેખ મારે કરવો પડે. તેમણે ઉમેર્યું હતું કે હું તો શિક્ષક છું. શિક્ષક શિક્ષકત્વથી ભરપૂર હોવો જોઈએ. શિક્ષક શેરબ્રોકર નહીં શિક્ષક જ હોવો જોઈએ. પૈસા ગણે એ શિક્ષકના થઈ શકે. શિક્ષક કભી સાધારણ નહીં હોતા.

સન્માનમૂર્તિ પ્રિ.પટેલે શિક્ષણમહર્ષિ ડૉ.સી.એલ.પટેલને ‘આપણા બધાના શિક્ષક’ કહીને

નવાજ્યા હતા અને ઉમેર્યું હતું કે તેઓ આપણા બધાનું જતન કરે છે. શિક્ષકનું કામ સમાજ ઘડવાનું છે. તમે જો વેચાઈ જશો તો સમાજ કોના ભણી વિશ્વાસથી જોશે. વિષયમાં વિશ્વાસ ઊભો કરો અને કોઈ પણ વિષય માટેનો વિદ્યાર્થીઓના દિમાગમાંથી ભય કાઢી નાંખો. મહેનત કરે તેની સાથે નસીબ જોડાયેલું હોય છે. તેમણે ટીકાકારોની ચિંતા કર્યા વિના કામ કરતા રહેવા સૌને અનુરોધ કર્યો હતો અને કહ્યું હતું કે અમારી કસોટીઓ ૧૯૬૮થી થતી રહી છે. નનામા પત્રોથી ડરવાનું ન હોય. આપણે આપણું કામ કરતા જવું. સાચા હોઈએ તો કોઈથી ડરવાનું નહીં.

પ્રિ.શનુભાઈએ સતત કાર્યશીલતા અને કર્મયોગને આદર્શ ગણાવી નિષ્ક્રિયતાને મરણ લેખાવવાનું પસંદ કર્યું હતું. તેમણે વલાસણસ્થિત સ્વામિનારાયણ વિદ્યાપીઠના સંસ્થાપક નિયામક તરીકે પ્રમુખસ્વામી સાથેની મુલાકાતો તેમ જ પ્રમુખસ્વામીના કૃપાપાત્ર એવા ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ સાથેની કામગીરીનો હરખભેર ઉલ્લેખ કર્યો હતો.

અધ્યક્ષસ્થાનેથી સીવીએમના અધ્યક્ષ ડૉ.પટેલે પ્રિ.શનુભાઈના શિક્ષણ કાર્ય અને સેવાની વિશેષ નોંધ લઈને કહ્યું હતું કે હું આચાર્યો અને સાથીદારો પાસેથી ઘણું શીખ્યો છું. મારી સાથે આઠ સાથીદારો સવારથી સાંજ લગી માનદ સેવા કરે છે અને તેનો જશ મને મળે છે. સારા કામમાં કોઈનો ડર રાખવાની જરૂર નથી એટલે મેં રોમારોલાં અને સોક્રેટિસનાં કથનોને આદર્શ ગણીને અણિશુદ્ધ જીવન જીવી શકાય અને ખોટું કામ ના થાય એવી પરમકૃપાળુ પરમાત્માને હંમેશાં પ્રાર્થના કરી છે.

તેમણે શનુભાઈને ખરા અર્થમાં ઋષિ ગણાવીને કહ્યું હતું કે તેમણે પોતાનામાં ઋષિત્વ જાગૃત કરીને શિક્ષણક્ષેત્રે મહામૂલું યોગદાન કર્યું છે. પૂ.ભાઈકાકા, પૂ.ભીખાભાઈ સાહેબ અને ડૉ.એચ.એમ.પટેલ સાહેબના પ્રતાપે ચારુતર વિદ્યામંડળે નામના તો મેળવેલી છે, પરંતુ મારા સાથીદારો અને સંસ્થાઓના વડાઓ જે કામ કરે છે તેનાથી અમોને યશ મળતો જાય છે. છેલ્લા પાંચ વર્ષથી શિક્ષણ સંસ્થાઓમાં પીએચ.ડી.કરવા અને સંસ્થાઓના કાયમી ભંડોળ(એન્ડોવમેન્ટ ફંડ) ઊભાં કરવા પર અમોએ ભાર મૂક્યો છે અને એના પ્રતાપે અત્યારે આઠ કરોડ રૂપિયા જેટલી રકમ આ ભંડોળમાં ઉપલબ્ધ થઈ છે. બીજેવીએમના પૂર્વવિદ્યાર્થીઓ થકી આવું ભંડોળ ઊભું થશે તેનો ખર્ચ કરવાની પણ સ્વતંત્રતા કોલેજને રહેશે અને નબળી આર્થિક સ્થિતિનાં વિદ્યાર્થીઓને સ્કોલરશિપ તરીકે તેનો લાભ મળશે.

સમારંભમાં બીજેવીએમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ શ્રી ધવલ દવે, ભૂપેન્દ્ર કસવાલા, દિવ્યાંગ કાપડિયા, ભરતભાઈ(સુરત) અને બીવીએમના અધ્યાપક ડૉ.અમિત ત્રિવેદીએ બીજેવીએમ અને પ્રિ.શનુભાઈ સાથેનાં સંસ્મરણો રજૂ કર્યાં હતાં. પ્રારંભમાં પ્રિ.એન.એલ.સંઘવી, શ્રી કિરણ પટેલ અને પ્રિ.આર.એન.પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યાં હતાં. આભારદર્શન ભૂતપૂર્વ વિદ્યાર્થી અને આણંદ કોમર્સ કોલેજના નિવૃત્ત આચાર્ય પ્રિ.બી.એન.ગાંધીએ કર્યું હતું.

## સનદી સેવાઓ માટે નવોન્મેષ

ભારતના સમવાયતંત્રના બંધારણમાં કેન્દ્ર અને રાજયો વચ્ચે ઉચ્ચ વહીવટીતંત્રમાં એકવાકયતા રહે તે માટે અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલે ભારતીય પ્રશાસનિક સેવા(આઈએએસ) અને ઈન્ડિયન પોલીસ સર્વિસ(આઈપીએસ)ની રચના કરતાં તેનો બંધારણમાં સ્વીકાર કરાવ્યો એ તેમનું વિશેષ યોગદાન હોવાનું ગુજરાત સરકારના મુખ્ય સચિવ રહેલા સંનિષ્ઠ સનદી અધિકારી શ્રી પ્રવીણ ક.લહેરીએ જણાવ્યું હતું.

ચારુતર વિદ્યામંડળની એચ.એમ.પટેલ કરિયર ડૅવલપમૅન્ટ સૅન્ટર અને સીવીએમ આઈએએસ ઍકેડૅમીના ઉપક્રમે યુપીએસસીની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અભિમુખતાના નવતર કાર્યક્રમ ‘નવોન્મેષ’નો ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલના હસ્તે શુભારંભ થયો. બીવીએમ ઑડિટોરિયમમાં વિશાળ સંખ્યામાં સનદી સેવામાં જવા ઉત્સુક વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાને ડૉ.સી.એલ.પટેલ હતા. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત નિવૃત્ત આઈએએસ અધિકારી અને શ્રી સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી અને સભ્ય સચિવશ્રી લહેરીએ કહ્યું હતું કે છેલ્લાં દશ વર્ષમાં ૮૦થી વધુ ગુજરાતનાં વિદ્યાર્થીઓ ઉપરોક્ત સેવામાં પસંદગી પામ્યાં છે અને

હવે દર વર્ષે લેખિત પરીક્ષા પસાર કરનારનો આંકડો ૪૦ને વટાવી ગયો છે એ આનંદની વાત છે. જો કે આ આંકડો ૧૫૦ થી ૨૦૦ સુધી પહોંચે તો ગુજરાતની વસતીના પ્રમાણમાં સફળતા મળી રહે એમ કહી શકાય. સરદાર પટેલ જેવા મહાન ગુજરાતી દ્વારા સ્થપાયેલી અખિલ ભારતીય સેવાઓ અને કેન્દ્રીય સેવામાં ગુજરાતીઓનું પ્રતિનિધિત્વ સાવ નગણ્ય હોય તે એક વિસંવાદિતા ગણી શકાય. આપણે બધા મળીને અમદાવાદના સ્પીપા પછી હવે ચારુતર વિદ્યામંડળના ઉપક્રમ એવી આઈએએસ ઍકેડૅમી સનદી સેવામાં જવા ઉત્સુક વિદ્યાર્થીઓ માટે આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બને એવી અપેક્ષા અને શુભેચ્છા પાઠવીએ.

આ પ્રસંગે સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે ચારુતર વિદ્યામંડળની બંને આયોજક સંસ્થાઓને અભિનંદન આપતાં તેમના નિયામક ડૉ.હરિ દેસાઈને નિર્દેશ આપ્યો હતો કે આ વર્ષે પ્રવેશ પરીક્ષા પછી પસંદગી પામેલા જે ૪૦ વિદ્યાર્થીઓ સીવીએમ આઈએએસ ઍકેડૅમીમાં તાલીમાર્થી તરીકે જોડાય તેમની પાસેથી કોઈપણ ફી વસુલ કરવાને બદલે સમાજની વિશાળ સેવા માટે સીવીએમ એમને તૈયાર કરવાનો બધો ખર્ચ વહોરશે પરંતુ આ વિદ્યાર્થીઓ તાલીમાર્થી તરીકે વધુમાં વધુ દિવસ હાજરી આપે એ પ્રકારની બાંહેધરી તેમની પાસેથી લેવામાં આવે. ઉદ્‌ઘાટન સમારંભમાં વિશેષ અતિથિ તરીકે લંડન ખાતે ‘ગુજરાત સમાચાર’ અને ‘એશિયન વૉઈસ’ સાપ્તાહિકોના પ્રકાશક અને તંત્રી શ્રી સી.બી.પટેલે ઉપસ્થિત રહીને સીવીએમના આ નવા ઉપક્રમને શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે મંચસ્થ મહાનુભાવોમાં ડૉ.સી.એલ.પટેલ, શ્રી સી.બી.પટેલ, સીવીએમના માનદ સહમંત્રી પ્રિ.આર.સી.દેસાઈ તેમ જ સંસ્થાના નિયામક ડૉ.હરિ દેસાઈ હતા. ગુજરાતના ૪૬ જેટલા આઈએએસ, આઈપીએસ સહિતની કેન્દ્રીય સેવામાં જોડાવામાં સફળ થયેલાંના ઈન્ટરવ્યૂના સંચય ‘લક્ષ્યવેધ’(લેખક : હેમેન ભટ્ટ) પુસ્તકનું લોકાર્પણ મહાનુભાવોને હસ્તે થયું હતું.

ગુજરાતના શ્રેષ્ઠ ટ્રેઈનર ગણાતા સ્પીપાના સંયુક્ત નિયામક તથા ગુજરાત સરકારના સંયુક્ત સચિવ તરીકે નિવૃત્ત થયેલા શ્રી જે.એમ.આચાર્ય અને આણંદ જિલ્લાના સહાયક કલેક્ટર આઈએએસ અધિકારી શ્રી ગૌરાંગ મકવાણાએ સમગ્ર દિવસ દરમિયાનનાં સત્રોમાં યુપીએસસીની પરીક્ષા અંગે વિશદ માર્ગદર્શન આપ્યું હતું અને પ્રશ્નોના ઉત્તર વાળ્યા હતા. આ પ્રસંગે વિવિધ સત્રોમાં ગુજરાત અને મુંબઈના મુખ્ય કસ્ટમ કલેક્ટર રહેલા જાણીતા લેખકશ્રી બકુલ બક્ષી, જાણીતા સમાજશાસ્ત્રી અને સ્પીપામાં આઈએએસના મુલાકાતી અધ્યાપક ડૉ.ગૌરાંગ જાની તેમ જ ગુજરાત યુનિવર્સિટી અને ભાવનગર યુનિવર્સિટીના કુલપતિ રહેલા ડૉ.નરેશ વેદ સહિતના અનેક મહાનુભાવોએ સનદી સેવામાં જોડાવા ઉત્સુક વિદ્યાર્થીઓનું માર્ગદર્શન કર્યું હતું.

વિવિધ સત્રોમાં ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ.શનુભાઈ પટેલ, માનદ કાર્યકારી મંત્રી ડૉ.જે.ડી.પટેલ અને માનદ સહમંત્રી શ્રી વી.એમ.પટેલે અધ્યક્ષતા કરી હતી. માનદ સહમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમ જ વિવિધ કોલેજોના આચાર્યો અને અધ્યાપકો પણ ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રારંભમાં સ્વાગત પ્રવચનમાં મહાનુભાવોનો પરિચય સંસ્થાના નિયામક ડૉ.હરિ દેસાઈએ કરાવ્યો હતો. આઈ.બી.પટેલ ઈંગ્લિશ સ્કૂલના આચાર્ય ડૉ.મહેશભાઈ ખ્રિસ્તીએ પ્રાર્થના રજૂ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આભારદર્શન શ્રીમતી નીતા પટેલ અને શ્રી દિનેશ ચૌહાણે કર્યું હતું.

## સૅરલિપનો વાર્ષિકોત્સવ

ચારુતર વિદ્યામંડળ(સીવીએમ)સંચાલિત સૅન્ટર ફૉર સ્ટડીઝ ઍન્ડ રિસર્ચ ઑન લાઈફ એન્ડ વર્ક્સ ઓફ સરદાર વલ્લભભાઈ પટેલ(સૅરલિપ)માં મધ્ય પ્રદેશના પત્રકાર શિરોમણિ શ્રી શિવ અનુરાગ પટૈરિયાએ આઝાદીનાં બે વર્ષ સુધી ધીરજ રાખીને ચરોતરના સપૂત અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલે પેંતરાબાજ ભોપાલ નવાબ હમીદુલ્લા ખાનને પ્રેમથી જીતીને ભોપાલ રાજ્યને ભારત સાથે કઈ રીતે જોડ્યું એનું રસપ્રદ અને દસ્તાવેજો રજૂ કરીને વર્ણન કર્યું હતું.

સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલના અધ્યક્ષસ્થાને સૅરલિપ સંકુલમાં યોજાયેલા સૅરલિપના પાંચમા વાર્ષિકોત્સવમાં સરદાર પટેલ વ્યાખ્યાનમાળા અંતર્ગત ‘સરદાર પટેલ અને ભોપાલ રાજ્ય’ વિષય પર મુખ્ય અતિથિ તરીકે વ્યાખ્યાન આપતાં ભોપાલસ્થિત ‘લોકમત સમાચાર’ના બ્યૂરો ચીફ શ્રી પટૈરિયાએ કહ્યું

હતું કે પાકિસ્તાનના સર્જક કાયદેઆઝમ મોહમ્મદ અલી ઝીણાના અંતરંગ મિત્ર એવા ભોપાલ નવાબ તો ભોપાલ રાજ્યને સ્વતંત્ર દેશ તરીકે જાળવી રાખવા આતુર હતા અને છેવટે પોતાની શાહજાદી આબિદાને ભોપાલ રાજ્ય સોંપીને પાકિસ્તાન ચાલ્યા જવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, પરંતુ શાહજાદી આબિદાએ એ માટે નન્નો ભણી દેતાં ભોપાલ નવાબ ભારતમાં રહ્યા અને શાહજાદી આબિદા પાકિસ્તાન ચાલી ગઈ. પાકિસ્તાનના વિદેશમંત્રી રહેલા શહરયાર ખાન આબિદા બેગમના પુત્ર થાય. ભોપાલ નવાબની બીજી શાહજાદી શાજિદા નવાબ પટૌડીનાં બેગમ હતા અને તેમના પુત્ર એટલે મશહૂર ક્રિકેટર નવાબ મન્સૂરઅલી ખાન.

મહાત્મા ગાંધીના પ્રિય રહેલા ભોપાલ નવાબ નરેન્દ્ર મંડળના અધ્યક્ષ હોવાને નાતે અને બ્રિટિશ રાજવી પરિવાર સાથે નિકટ સંબંધ ધરાવતા હોવાથી ઘણા ઉધામા કરતા રહ્યા, પરંતુ સરદાર પટેલે સામ,દામ,દંડ અને ભેદની નીતિથી એમને પોતીકા બનાવીને ભારત સાથે જોડવામાં સફળતા મળી હતી, એવું પણ પત્રકાર પટૈરિયાએ કહ્યું હતું.

સમારંભમાં ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ.શનુભાઈ પટેલ, માનદ કાર્યકારી મંત્રી ડૉ.જે.ડી.પટેલ, માનદ સહમંત્રીઓ શ્રી વી.એમ.પટેલ, શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ડૉ.એસ.જી.પટેલ, પ્રિ.આર.સી.દેસાઈ સહિતના મહાનુભાવો ઉપસ્થિત હતા. દાતાશ્રી વાસંતીબહેન પટેલ, ૮૯ વર્ષીય વડીલ શ્રી ઉમેદભાઈ પટેલ, નિવૃત્ત પ્રાધ્યાપક શ્રી પૂંજાભાઈ પટેલ, ગોધરા કૉલેજોના પૂર્વ આચાર્ય પ્રિ.બી.એન.ગાંધી, સીવીએમની ગવર્નિંગ બોડીના સભ્ય શ્રી કે.જી.પટેલ, સરદાર પટેલ યુનિવર્સિટીના આટ્ર્સ ફૅકલ્ટીના ડીન ડૉ.એચ.પી.ત્રિવેદી, અર્થશાસ્ત્ર વિભાગના વડા ડૉ.દિલીપ ચૌહાણ, ઈલસાસના આચાર્ય ડૉ.સન્ની થોમસ, ફાઈન આટ્ર્સ કૉલેજના આચાર્ય શ્રી કનુભાઈ પટેલ, નલિની-અરવિંદ આટ્ર્સ કૉલેજના આચાર્ય ડૉ.ઘનશ્યામસિંહ ગઢવી, સીવીએમની શાળાઓના સલાહકાર શ્રીમતી વિનોદિનીબહેન પટેલ, સિન્ડિકેટ સભ્ય ડૉ.ડી.જી.પટેલ, કવિ શ્રી અશોકપુરી ગોસ્વામી, હીરાબા મહિલા મંડળનાં પ્રમુખ શ્રીમતી ચંદ્રિકાબહેન ત્રિવેદી ઉપરાંત અધ્યાપકો, શિક્ષકો, સૅરલિપનાં એમ.ફિલ.-પીએચ.ડી.નાં વિદ્યાર્થી અને પરિવાર બહોળી સંખ્યામાં ઉપસ્થિત હતાં. પ્રારંભમાં સ્વાગતપ્રવચન સૅરલિપના નિયામક ડૉ. હરિ દેસાઈએ કર્યું હતું. સંસ્થાની પ્રવૃત્તિનો અહેવાલ સૅરલિપના અધ્યાપક ડૉ.વસંત પટેલે રજૂ કર્યો હતો. સમારંભના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ, મુખ્ય અતિથિ શ્રી શિવ અનુરાગ પટૈરિયા અને સીવીએમના માનદ મંત્રી પ્રિ.શનુભાઈ પટેલના હસ્તે તેજસ્વી વિદ્યાર્થીઓને તથા સર્વપ્રથમ નારીકથા કરનાર ડૉ.પારુલટીના દોશીને પ્રમાણપત્રો અને સ્મૃતિચિહ્ન એનાયત કરવામાં આવ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સૅરલિપનાં અધ્યાપિકા ડૉ.પારુલટીના દોશીએ કર્યું હતું.

## એનવીપાસનો દહેમીમાં નવતર પ્રયોગ

ચારુતર વિદ્યામંડળસંચાલિત નટુભાઈ વી. પટેલ કૉલેજ ઑફ પ્યૉર એન્ડ ઍપ્લાઈડ સાયન્સીસના એન.એસ.એસ. તથા એક્સટેન્શન યુનિટ દ્વારા બોરસદ તાલુકાના દહેમીગામને શૈક્ષણિક અને સામાજિક કાર્ય માટે દત્તક લેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ અંગેનો એક કાર્યક્રમ દહેમી ગામની વૃંદાવન નગર પ્રાથમિક શાળામાં સમસ્ત ગ્રામજનોની ઉપસ્થિતિમાં રાખવામાં આવ્યો હતો. મુખ્ય અતિથિ તરીકે ચારુતર વિદ્યામંડળના માનદ સહમંત્રી ડૉ. એસ.જી. પટેલે ઉપસ્થિત રહી પોતાના અધ્યક્ષીય સંબોધનમાં કોલેજના નવતર પ્રયોગની પ્રશંસા કરી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં પ્રોગ્રામ ઑફિસર ડૉ. યોગેશ પટેલ મહેમાનોનો પરિચય કરાવ્યો હતો. કોલેજની આઈક્યૂએસીનાં કો-ઓર્ડિનેટર ડૉ. રીટા એન. કુમારે ગામની સામાજિક, શૈક્ષણિક, પર્યાવરણ, ખેતી તથા અન્ય બાબતોમાં વિકાસલક્ષી કાર્યક્રમોનો આયોજન અંગે વિસ્તૃત માહિતી આપી હતી. કૉલેજના આચાર્ય ડૉ.બાસુદેબ બક્ષીએ આવા સમાજોપયોગી કાર્યના આયોજન બદલ સમગ્ર એનએસએસ યુનિટને અભિનંદન આપી ગ્રામજનોના સહકારની અપેક્ષા સાથે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

ગ્રામ પંચાયતના સરપંચશ્રી ઉદેસિંહભાઈ, પંચાયતના સભ્યો, કેળવણી મંડળના સભ્યો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા તથા સમગ્ર ગ્રામજનો વતી ગામના વડીલશ્રી જશભાઈ પૂનમભાઈ પટેલે

ગામને શૈક્ષણિક અને સામાજિક કાર્ય માટે દત્તક લેવા બદલ એનવીપાસ કૉલેજ પરિવારનો આભાર માન્યો અને જરૂરી સહકારની ખાતરી આપી હતી. કાર્યક્રમમાં કોલેજના વિવિધ વિભાગના વડાશ્રીઓ, એનએસએસ તથા એક્સ્ટેન્શન યુનિટના સર્વે સભ્યશ્રીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રોગ્રામ ઓફિસર શ્રી કાર્તિક જગતાપે કર્યું હતું.

## નલિનીમાં ભાઈકાકા તાલીમ શિબિર

સરદાર પટેલ યુનિવર્સિટી, ભાઇકાકા ચેર દ્વારા નલિની કોલેજમાં બે દિવસીય ભાઇકાકા નેતૃત્વતાલીમ શિબિર યોજાઇ. આ શિબિરમાં સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન જુદી-જુદી કોલેજના ૭૮ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

કાર્યક્રમના અતિથિવિશેષપદેથી જાણીતા સાહિત્યકાર ડૉ.મણિલાલ હ. પટેલે જણાવ્યું હતું કે ભાઇકાકાએ વનમાંથી ઉપવન કર્યું છે. ઓછામાં ઓછા ખર્ચે આ નગરનું નિર્માણ કર્યું છે. વિદ્યાનગરને રળિયામણું બનાવતાં વૃક્ષોમાં ભાઇકાકાની પર્યાવરણવિદ તરીકેની દૃષ્ટિ પમાય છે. ભાઇકાકાનું ઋણ અદા કરવા માટે તેમણે આપેલા વારસાનું જતન કરવું જોઇએ. અધ્યક્ષપદેથી ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ. એસ.એમ. પટેલે ભાઇકાકાને તપસ્વી ગણાવી તેમણે વિદ્યાનગર, ગુજરાત તથા દેશને કરેલા પ્રદાનની ઝાંખી પ્રસ્તુત કરી, ભાઇકાકાના નેતૃત્વના ગુણોની ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ભાઇકાકા રાજકારણની શુદ્ધિ માટે રાજનીતિમાં જોડાયા હતા. પ્રિ. પટેલે શિબિરાર્થીઓને એમના કાર્યોમાંથી પ્રેરણા લઇ વિધેયાત્મક નેતૃત્વના ગુણો ખીલવી, દેશના નિર્માણમાં પોતાનું યોગદાન આપવા અનુરોધ કર્યો હતો.

શિબિરના ઉદ્‌ઘાટન સમારોહમાં કોલેજના આચાર્ય ડૉ.જી.એન. ગઢવીએ મહેમાનોના સ્વાગત સાથે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સરદાર પટેલ અને ભાઇકાકાએ વિદ્યાનગરની સ્થાપનામાં આપેલા યોગદાન વિશે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. ભાઇકાકા ચૅરના કૉ-ઓર્ડિનેટર ડૉ. બી.એમ. પરમારે આ તાલીમ શિબિરના હેતુઓ વિશે માહિતી આપી હતી અને કહ્યું હતું કે આજના વિદ્યાર્થીઓમાં પ્રામાણિકતા, નીતિમત્તા, રાષ્ટ્રપ્રેમ જેવા અનેક ગુણોનો વિકાસ થાય, દેશ પ્રત્યેની ફરજો પ્રત્યે જાગૃત થાય તેમ જ ભાઇકાકાના વિચારોનો પ્રચાર અને પ્રસાર થાય એવા આશયથી આ નેતૃત્વ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.આભાર દર્શન ટી.વાય.બી.એની વિદ્યાર્થિની યાસ્મિના મલેકે કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. જીગીશા મિસ્ત્રીએ કર્યું હતું.

શિબિરની પ્રથમ બેઠકમાં પ્રા. અર્પિત પાટડિયાએ રાજકીય નેતૃત્વની સંકલ્પના, બીજી બેઠકમાં ડૉ. એન.કે. બારોટે ગુણાત્મક નેતૃત્વનાં લક્ષણો તથા ત્રીજી બેઠકમાં ડૉ. એમ.સી. પટેલે સરદાર પટેલની નેતૃત્વ શૈલી પર શિબિરાર્થીઓને વકતવ્ય આપ્યાં હતાં.

સમપાન કાર્યક્રમમાં સમારંભના મુખ્ય મહેમાનપદેથી સરદાર પટેલ સંશોધન સંસ્થા સેરલિપના નિયામક ડૉ. હરિ દેસાઇએ વલ્લભ વિદ્યાનગરની સ્થાપના, ભાઇકાકા-ભીખાભાઇના નેતૃત્વ અને તેમણે આપેલ યોગદાન વિશે શિબિરાર્થીઓને રસપ્રદ માહિતી આપી હતી. અધ્યક્ષપદેથી પ્રિ.જી. એન. ગઢવીએ વલ્લભ વિદ્યાનગરના સર્જનથી માંડી અત્યાર સુધીના વિકાસ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. આ શિબિરમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને મહેમાનોના વરદહસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમના અંતે ડૉ. એમ.સી. પટેલે આભારદર્શન કર્યું હતું.

## ફાઈન આર્ટ્સમાં પરિસંવાદ

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી સીવીએમ કોલેજ ઓફ ફાઇન આર્ટ્સના સંયુક્ત ઉપક્રમે દ્વિદિવસીય ‘ગુજરાતમાં કલાના પગરણ અને ગુજરાતઃ એક સંગોષ્ઠી-૨’ અંતર્ગત પરિસંવાદ વાર્તાલાપ અને સ્લાઇડ શો-નિર્દેશનનું આયોજન થઇ ગયું. તેનું ઉદ્‌ઘાટન ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ. એસ.એમ. પટેલની અધ્યક્ષતામાં અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ચિત્રકાર શ્રી રમેશ પંડ્યાના અતિથિવિશેષપદે થયું હતું. સેમિનારના બીજરૂપ વક્તવ્યમાં મૂર્ધન્ય ચિત્રકાર, છબીકાર અને કળામર્મજ્ઞ શ્રી જ્યોતિ ભટ્ટે કહ્યું કે ‘‘બીજમાં વૃક્ષ રહેલું હોય છે અને વૃક્ષ પોતાની શાખા, પ્રશાખા, પર્ણ, કળી, ફૂલ, ફળ અને બીજ એમ જુદા જુદા રૂપે-સ્વરૂપે હોય છે. તો એમાંથી શું લેવું, સમજવું એ આપને પોતાને જ ખબર હોવી જોઇએ’’ તેઓએ આધુનિકતા વિશેની વાત માંડતાં

વિષય, માધ્યમ, આકાર, શૈલીને જોડતી ભારતીય અને પાશ્ચાત્ય કલાનું મિશ્રણ કઇ રીતે પ્રયોજી રહ્યું છે અને તેનાથી કલા પર થયેલી અસરની વાત કરી હતી. સીવીએમ કોલેજ ઓફ ફાઇન આર્ટ્સના આચાર્ય શ્રી કનુ પટેલે મહેમાનોનું સ્વાગત કર્યું હતું. મંચસ્થ મહાનુભાવો અને કલાકારો દ્વારા દીપ-જ્યોત પ્રગટાવી સેમિનારને ઝળાંહળાં કર્યો હતો. આભારવિધિ ફાઇન આર્ટ્સ કોલેજના અધ્યાપક શ્રી કૃષ્ણ પડિયાએ કરી હતી.

બે દિવસની કુલ ચાર બેઠકમાં ગુજરાતના લલિતકલા અને કલાના ઇતિહાસ ક્ષેત્રના ગણમાન્ય વિદ્વાનો દ્વારા વાર્તાલાપ અને સ્લાઇડ શોનું નિર્દેશન કરવામાં આવ્યું હતું. પ્રથમ બેઠકમાં ડૉ.દીપક કન્નલે 'ગુજરાતનાં સમકાલીન વલણો'નું વિશ્લેષણાત્મક વક્તવ્ય આપ્યું. શ્રી અનીલ રેલીયાએ 'રાજા રવિ વર્માના ઓલીયોગ્રાફ અને તેની સામાજિક અસર' પર સ્લાઇડ શો સાથેનો વાર્તાલાપ કર્યો હતો. બીજી બેઠકની શરુઆત શ્રી કનુ પટેલના વકતવ્ય 'રવિશંકર રાવલ અને આધુનિકતા'થી થઇ હતી. જ્યારે શ્રી વિનોદ શાહ અને શ્રી અશોક ખાંટની સર્જન પ્રક્રિયાના સ્લાઇડ શોથી પૂરી થઇ હતી.

ત્રીજી બેઠકની શરૂઆત કલાના ઇતિહાસ ક્ષેત્રે કામ કરતા શ્રી નીતેશ પટેલના વક્તવ્ય ' ગુજરાતની લોકચિત્રકલા'થી થઇ હતી અને 'ગુજરાતી રંગમંચનાં પટચિત્રો' જેવા અસાધારણ વિષયને લઇને સુશ્રી ધારા દવે-વ્યાસે પોતાનો અભ્યાસ રજૂ કર્યો હતો. ચોથી અને છેલ્લી બેઠક- જે વિષય પર ખૂબ જ ઓછું કામ થયું છે તેવા શ્રી કૃષ્ણ પડિયાના સંશોધનાત્મક લેખ 'ગુજરાતની લોકશિલ્પકલા'ના વાંચનથી થઇ હતી, જ્યારે શ્રી રતિલાલ કાંસોદરિયાએ પોતાના ધાતુશિલ્પોના સ્લાઇડ શો સાથે તેના રસપ્રદ વિષયોની છણાવટ કરી હતી, શ્રી અપૂર્વ દેસાઇએ પોતાની સર્જન પ્રક્રિયા દરમ્યાન થયેલા અનુભવોનાં સંસ્મરણો કલારસિકો સમક્ષ ભાવવિભોર થઇ વર્ણવ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન શિલ્પ વિભાગના અધ્યાપકશ્રી કૃષ્ણ પડિયાની દેખરેખ નીચે વિદ્યાર્થીઓ દ્વારા થયું હતું.

## ટી.વી. પટેલનો વાર્ષિકોત્સવ

ચારુતર વિદ્યામંડળસંચાલિત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલ, સામાન્ય પ્રવાહનો ૩૮મો વાર્ષિકોત્સવ તથા ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ સી.એલ. પટેલના આશીર્વાદસહ શુભેચ્છાસંદેશ સાથે ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ. એસ.એમ. પટેલના અધ્યક્ષસ્થાને તથા બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં પૂર્વ કુલપતિ ડૉ.આમ્રપાલી મર્ચન્ટના મુખ્ય મહેમાનપદે યોજાયો હતો.

મુખ્ય મહેમાનપદેથી ડૉ.મર્ચન્ટે વિદ્યાર્થીઓને જીવનલક્ષી શિક્ષણ સાથે સમાજજીવનમાં પોતાનું યોગદાન આપવા જણાવ્યું હતું. સમારંભના અધ્યક્ષપદેથી પ્રિ.એસ.એમ. પટેલે વિદ્યાર્થીઓને આશીર્વાદ પાઠવતાં જણાવ્યું કે, શિસ્ત અને સંયમ તથા મહેનતથી પોતાનું ધાર્યું લક્ષ્ય પ્રાપ્ત કરી શકાય છે. સુપરવાઇઝરશ્રી દિલીપભાઇ વાળંદે આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી એલ.એલ.તળપદા, કુ. જલ્પા સેનવા તથા શ્રી એસ.પી. વાઘેલાએ કર્યું હતું.

## એમબીઆઇસિટીની ઉપલબ્ધિ

આઇબીએમ કંપની દ્વારા એમબીઆઇસિટીની ૮ વિદ્યાર્થીઓને નિયુક્તિયોગ્ય જાહેર કરવાનાં આવી છે. આઇબીએમ કંપની દ્વારા અમદાવાદ ખાતે પ્લેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીનીઓએ ઍપ્ટિટ્યૂટ, રિઝનિંગ અને પર્સનલ ઇન્ટરવ્યૂ જેવાં વ્યૂહાત્મક પાસાંનો સફળતાપૂર્વક સામનો કર્યો હતો. આ જ રીતે ૬ વિદ્યાર્થિનીઓ કૉગ્નીઝન્ટ ટેકનોલોજી સર્વિસીસમાં સફળતાપૂર્વક નિયુક્તિ પામી હતી. જ્યારે કેટલીક વિદ્યાર્થિનીઓ ટીસીએસ, એલ એન્ડ ટી અને કોલાબેરા જેવી કંપનીઓમાં નિયુક્તિને પાત્ર ઠરી હતી. ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ ઓફિસર પ્રો.અશ્વિની ઝાના જણાવ્યા મુજબ, વૈશ્વિકસ્તરે વિખ્યાત કંપનીઓમાં એમબીઆઇસિટીની વિદ્યાર્થિનીઓને આવી જ તક પૂરી પાડતા રહીશું. એમબીઆઇસિટી એન્જિનિયરિંગ કોલેજ મુખ્યત્વે ઇન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટૅકનોલોજી ઉપર ભાર આપે છે. મલ્ટીનેશનલ કંપનીઓની મુખ્ય માંગ પણ આ જ રહેલી છે. ગુજરાતની મુલાકાતે આવનાર કંપનીઓમાં એમબીઆઇસિટી વિદ્યાર્થીનીઓની નોંધપાત્ર નિયુક્તિ થઇ છે. સંસ્થા દૃઢતાપૂર્વક મહિલાઓના સશક્તિકરણ માટે જ નહિ, પરંતુ એમની પ્રતિભા સાબિત કરવા પૂરેપૂરી તક પૂરી પાડી રહી છે.



ચારુતર વિદ્યામંડળસંચાલિત જી.જે. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદિક સ્ટડીઝ એન્ડ રિસર્ચના વાર્ષિકોત્સવમાં અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.રાજેશ કોટેચાને સ્મૃતિચિહ્ન અર્પણ કરતા સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ. તસવીરમાં લંડનનિવાસી આયુર્વેદ ચિકિત્સક ડૉ.અશ્વિન બારોટ, કોલકાતાનિવાસી દાતા શ્રી જયંતીભાઈ પટેલ તથા સંસ્થાના ડીન અને સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. એ.આર.વી. મૂર્તિ જણાય છે.




ચારુતર વિદ્યામંડળસંચાલિત સૅરલિપના પાંચમા વાર્ષિકોત્સવમાં સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલના અધ્યક્ષસ્થાને સૅરલિપસંકુલમાં યોજાયેલી પાંચમી સરદાર પટેલ વ્યાખ્યાનમાળા અંતર્ગત ભોપાલના વરિષ્ઠ પત્રકાર શ્રી શિવ અનુરાગ પટૈરિયાએ ’સરદાર પટેલ અને ભોપાલ રાજ્ય’ વિષય પર મુખ્યઅતિથિ તરીકે વ્યાખ્યાન આપ્યું હતું. મંચસ્થ મહાનુભાવોમાં ડૉ.પટેલ અને સીવીએમના માનદ મંત્રી પ્રિ.શનુભાઈ પટેલ, સૅરલિપના નિયામક ડૉ.હરિ દેસાઈ અને સૅરલિપ વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડૉ.વસંત પટેલ હતા.

V-Vidyanagar 16 (5)
Published on Friday, 25.04.2014
ISSN 0976-9809 V-Vidyanagar

May 2014
No. of Pages 44 including cover

Postal Regd. No. AND/318/2012-14
RNI Regd. No. Guj/2009-11/5433
Posted At Vallabh Vidyanagar on 25th of Every Month

## The Great Indian Sage




7 May 1861- 7 August 1941

Editors: Dr. Rajendrasinh Jadeja, Dr. Hari Desai
Printed at Anand Press, Anand 388 001

Printed, Published and owned by Prin. S.M. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at Vallabh Vidyanagar 388 120, Gujarat